Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्य, पर्यालोचनीयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्य, वर्त्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. કાર્તિક. સંવત ૧૯૬૮. શાકે ૧૮૩૩. અંક ૮ મો.

## ज्ञानसार सूत्र विवरण.

### निस्पृहाष्टकम्. (१२)

( લેખક–સન્મિત્ર કર્પૂર વિજયજી. )

પુદ્ગલિક વસ્તુની સ્પૃહા–ઇચ્છા અભિલાષા–તૃષ્ણા જ્યાં સુધી જાગતી રહે છે ત્યાં સુધી જીવ સ્વસ્વરૂપ–દર્શન જ્ઞાન ચારિત્રાદિક સદ્ગુણની યથાર્થ પ્રાપ્તિ કરી શકતો નથી તેમજ તે માટે જરૂર જેટલો પુરૂષાર્થ પણ ફોરવી શકતો નથી. જેમ જેમ સારાં નિમિત્ત પામી પર વસ્તુમાં અનાદિ કાળથી લાગેલી અનંતી પ્રીતિ–આસક્તિ ઓછી કરવામાં આવે છે તેમ તેમ સદ્ગુરૂ કૃપાથી સ્વસ્વરૂપનો લાભ લેવા તે પ્રયત્ન કરી શકે છે અને પોતાના પુરૂષાર્થના પ્રમાણમાં દર્શન જ્ઞાનાદિ સદ્ગુણ પ્રાપ્તિરૂપ સ્વસ્વરૂપનો લાભ મેળવવા ભાગ્યશાળી થાય છે. જે જે અંશે આત્મા પરસ્પૃહા તજી નિઃસ્પૃહ બને છે તે તે અંશે તે રાગ દ્વેષાદિક અંતરંગ શત્રુવર્ગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કાબુ મેળવતો જાય છે એટલે નિર્લેપ બનતો જાય છે. જ્યારે પરસ્પૃહા માત્રનો ત્યાગ કરી સંપૂર્ણ નિઃસ્પૃહ બને છે ત્યારે આત્મા રાગાદિક દોષ માત્રનો જય કરી સર્વથા નિર્લેપ થાય છે.એટલા માટે પરસ્પૃહા તજી નિઃસ્પૃહતા ધારણ કરવા શાસ્ત્રનીતિ મુજબ ગ્રંથકાર ફરમાવે છે.

स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ॥
इत्यात्मैश्वर्यसंपन्नो, निःस्पृहो जायते मुनिः ॥ १ ॥

**ભાવાર્થ—સહજ આત્મ સંપત્તિની પ્રાપ્તિ થયા બાદ બીજું કંઇ પણ પ્રાપ્ત કરવું બાકી રહેતુંજ નથી.એવા આત્મ ઐશ્વર્ય સંપન્ન મુનિ પરસ્પૃહારહિત-નિઃસ્પૃહ બની જાય છે. સર્વ ઋદ્ધિ અને સમૃદ્ધિ ઘટમાંજ રહેલી છે.તેવી સહજ સાહેબી જો પ્રગટ થવા પામે તો બીજી બાહ્ય-તુચ્છ બાબતોમાં મુંઝાવાનું રહેતું નથીજ. સહજ ઐશ્વર્યવાન્ મુનિ પરની પરવા રહિત હોવાથી અને ઉત્તમ સદ્દગુણોથી ભરપૂર હોવાથી નિઃસ્પૃહ થઇ જાય છે. ૧**

વિવેચન—સ્વભાવ લાભ એટલે આત્મ લાભ—આત્માના સદા સહચારી સદ્દગુણનો લાભ,સત્તાગત રહેલા દર્શન જ્ઞાન ચારિત્રાદિકની પ્રગટ પ્રાપ્તિ,અથવા સ્વરૂપ સાક્ષાત્કાર તેમાં આત્મદર્શન એટલે સ્વરૂપ રૂચિ અથવા આત્મ શ્રદ્ધા (આત્મપ્રતીતિ ). આત્મ જ્ઞાન એટલે સ્વ સ્વરૂપનું યથાર્થ ભાન.પોતે કોણ છે ? કેવો શકિત સંપન્ન છે ? તે વિગેરેની સારી રીતે સમજ. ચારિત્ર એટલે આત્મ રમણતા—સ્વરૂપ સ્થિરતા (ખોટા સંકલ્પ વિકલ્પ પેદા કરનાર પર પુદ્દગલિક પ્રવૃત્તિના ત્યાગ પૂર્વક નિવૃત્તિના માર્ગમાં જ પ્રયાણ). ઉકત સદ્દગુણોની યથાર્થ પ્રાપ્તિ થવી તે કેવળ પ્રવૃત્તિ પરાયણ પામર પ્રાણીઓને અત્યંત દુર્લભ છે. જે જીવોને શુભ નિમિત્ત યોગે સદ્દગુરૂ કૃપાથી સ્વ-સ્વરૂપનું ભાન થાય છે તે અંધ પ્રવૃત્તિમાં રાચતા નથી. તેનું સાધ્ય સુધરે છે એટલે તે અંધ પ્રવૃત્તિ કરવા ખુશી હોય નહિં પણ જે પ્રવૃત્તિ કરતાં પરિણામે નિવૃત્તિ મળે એવી પ્રવૃત્તિ પસંદ કરેછે. એવી રીતે સાધ્ય દૃષ્ટિ રાખી પ્રવૃત્તિ કરતાં જે જે અંશે નિવૃત્તિ પ્રાપ્ત થતી જાય છે, તે તે અંશે આત્મશ્રદ્ધા પણ સુધરતી જાય છે અને શુભ પ્રયત્નમાં પણ વધારો થતાં નિવૃત્તિ રૂપ ચારિત્ર માર્ગમાં સહેજે લાભદાયી પ્રયાણ થાય છે. આવી રીતે અનુક્રમે વિવેક પૂર્વક પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિના સુખદાયી માર્ગમાં જઈ ઠરવાનું બને છે. તે સુખ કૃત્રિમ નથી પણ સ્વાભાવિક છે. ક્ષણિક (નાશવંત) નથી પણ સ્થાયી છે. તેવું અકૃત્રિમ સ્વાભાવિક સ્થાયી સુખ સ્વરૂપ સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે. તેથીજ શાશ્વત સુખના અર્થીજનો સ્વરૂપ પ્રાપ્તિને જ શ્રેષ્ઠ કર્તવ્ય રૂપ લેખે છે. તેવી સ્વરૂપ પ્રાપ્તિ થઇ તો પછી પ્રાપ્ત કરવા યોગ્ય બીજું શું છે ? મતલબ કે સ્વરૂપ પ્રાપ્તિ કરી તેણે સર્વ પ્રાપ્ત કર્યું. સ્વરૂપ પ્રાપ્તિવં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને શાશ્વત મોક્ષસુખ પણ સ્વાધીન છે. મતલબ કે સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નત્રયીની પ્રાપ્તિ એજ શાશ્વત સુખની ખરી કુંચી છે. સ્વરૂપ પ્રાપ્તિ રૂપ અદ્ભુત ઐશ્વર્ય જે મહાનુભાવ મુનિને પ્રાપ્ત થાય છે તે ખરેખર નિઃસ્પૃહ-સકળ સ્પૃહા રહિત બને છે. એવા નિઃસ્પૃહી મુનિરાજને રાગાદિક દોષનો લેપ કેમ લાગે? નજ લાગે. તે નિર્લેપ નિર્ગ્રંથ સકળ સંસાર બંધનને તોડી જોતજોતામાં પરમાત્મપદને પ્રાપ્ત થાય છે. તેથીજ ખરી નિઃસ્પૃહતા અત્યંત લાભકારક અને પ્રશંસનીય છે. એવી નિઃસ્પૃહતા આદરી કોણ શકે છે? કેવળ આત્મારામી નિર્ગ્રંથ મુનિ પણ બીજા પુદ્ગલાનંદી કે ભવાભિનંદી જીવોમાં એવી નિઃસ્પૃહતા હોવી ઘટતી જ નથી. એવા પુદ્ગલાનંદી જીવોના શા હાલ થાય છે? તેમની વર્તમાન ભવમાં તેમજ આગામી ભવમાં કેવી દશા થાય છે? તે શાસ્ત્રકાર આગળ અર્ધા શ્લોકથી જણાવે છે.

संयोजितकरैः के के, प्रार्थ्यंते न स्पृहावहैः ॥
अमात्रज्ञानपात्रस्य, निस्पृहस्य तृणं जगत् ॥ २ ॥

ભાવાર્થ—પરસ્પૃહાવંત પ્રાણીઓ હાથ જોડી જોડીને કોની કોની પ્રાર્થના કરતા નથી? સસ્પૃહી સર્વ કોઇના દાસ છે અને અપાર જ્ઞાનવાન નિઃસ્પૃહીને તો જગતમાં કોઈની પરવા નથી. પુદ્ગલાનંદી પ્રાણી પોતાના સ્વાર્થ માટે ગમે તેવાની પણ પ્રાર્થના કરવા ચુકતો નથી. અને જ્ઞાનાનંદી નિઃસ્પૃહીને કોઇની કશી પરવા નહિ હોવાથી તે તો સદા આનંદમાં સ્વાધીનપણે વર્તે છે. ૨

વિવેચન—સારી રીતે બે હાથ જોડી દશે નખ એકઠા કરી પરસ્પૃહાવંત પ્રાણીઓ કોની કોની પાસે પ્રાર્થના કરતા નથી? પરપુદ્ગલિક આશાના દાસ થયેલા જીવો સહુ કોઇ પાસે અતિ દીનતા દાખવતા દેખાય છે. કહ્યું છે કે "જે આશાના દાસ છે તે આખી દુનીઆના દાસ છે" એટલે સ્પૃહાવંતને જગત માત્રની ઓશીઆળી ભોગવવી પડે છે. એવી દીન દુઃખી દશા ભોગવતાં સ્પૃહાવંત પોતાની આખી જીંદગી પૂરી કરે છે અને પવિત્ર ધર્મની ઉપેક્ષા કરવાથી અથવા ધર્મ વિરૂદ્ધ વર્તનથી આગામી ભવમાં પણ પરાધીનતા પ્રમુખ દુઃખદાયી સ્થિતિ ભોગવવી પડે છે. એટલુંજ નહિ પરંતુ વડ-બીજ ન્યાયે તેની દુઃખ-પરંપરાનો અંત આવતો નથી. હવે જે નિઃસ્પૃહી મહાત્મા છે તેમની સ્થિતિનું વર્ણન કરે છે. અનહદ-અનુપમ જ્ઞાનામૃતનું પાન કરી અખંડ આત્માનંદમાં મસ્ત રહેનાર મહામુનિને પરની કશી પરવા રહેતી નથી. તેનો અને દુનિઆનો માર્ગ જુદો હોવાથી નિઃસ્પૃહ મહાત્મા દુનિઆના પ્રવાહમાં તણાતા નથી. એટલે ખરેખરા નિઃસ્પૃહી નિર્ગ્રંથ મુનિજનોને દુનિઆની કે દુનિઆદારીની દરકાર રાખવાની જરૂર રહેતી નથી. તેતો સ્વ સ્વરૂપ આનંદમાં નિમગ્ન રહે છે. તેથી આ ભવમાં જ પ્રગટ અનુપમ આત્મિક સુખનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુભવ કરે છે તો ભવાંતરનું [illegible] જ શું ? પરંતુ નિઃસ્પૃહી પુરૂષો [illegible] રત્નત્રયીના પ્રભાવે સમસ્ત કર્મ બંધનનો સર્વથા અંત કરી તેજ ભવમાં શુદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ જાય છે, ત્યારે કઈક નિઃસ્પૃહી મહાત્માઓ એકાદ ભવના અંતરે સર્વ સંસાર બંધનને છેદી પરમ પદને પ્રાપ્ત થાય છે. એટલા માટે જ જ્ઞાની પુરૂષો પરસ્પૃહાને સ્વયં છેદે છે અને અન્યને છેદવા ઉપદિશે છે.

छिंदन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ॥
मुखशोषं च मूर्च्छा च, दैन्यं यच्छति यत्फलम् ॥ ३ ॥

ભાવાર્થ—તત્વવેદી પુરૂષો જ્ઞાનરૂપી દાતરડાથી સ્પૃહારૂપી વિષ વેલડીને છેદી નાંખે છે. કેમકે પરસ્પૃહાથી મુખશોષ, મૂર્છા અને દીનતાદિક દોષોને સેવવા પડે છે. જ્ઞાની-વિવેકી પુરૂષો તેવી સ્પૃહાને દોષનું મૂળ જાણીને સમૂલગી છેદવા તત્પર રહે છે. ૩

વિવેચન—જેમ દીર્ઘદર્શી ડાહ્યા માણસ વિષવૃક્ષને વધવા દેતા નથી, તેનો શીઘ્ર અંત આણે છે. અન્યથા તે વિષવૃક્ષ વધ્યાં છતાં માઠા પરિણામ લાવે છે. તેમ સુનિપુણ તત્ત્વજ્ઞાની મહાપુરૂષ, આત્મનિરીક્ષણ કરવામાં ઉજમાળ છતા, સ્વાત્મ પ્રદેશમાં પ્રગટેલી પરસ્પૃહા રૂપી વિષવેલીને તીક્ષ્ણ તત્ત્વજ્ઞાન રૂપ દાતરડા વડે શીઘ્ર છેદી નાંખે છે, તેને વધવા દેતા નથી; એમ સમજીને કે તે વિષવેલી વધી છતી મહા કષ્ટદાયી કટુક ફળ આપી આત્માને અત્ર પણ વિવિધ રીતે વિડંબિત કરી પરત્ર પણ બહુ પેરે દુઃખી કરશે. તેનાં કટુક ફળ પૈકી પ્રથમ ફળ **મુખશોષ** રૂપ કહ્યું છે. સ્પૃહાવશ વર્તી જીવને પરને સમજાવી પોતાનો કલ્પિત ક્ષુદ્ર સ્વાર્થ સાધવા બહુ કંઠશોષ કરવો પડે છે. તેમ છતાં ઇચ્છિત સ્વાર્થ સધાય કે ન પણ સધાય. જો સ્વાર્થ ન સધાય તો પ્રગટ બાહ્ય મૂર્છાજન્ય દુર્દશા થાય છે અને કદાચ સ્વાર્થ સધાય તો પણ તેમાં રાચવા માચવાથી તીવ્ર રાગાદિક વડે આત્મ ગુણો અત્યંત મૂર્છિત થાય છે. તે રૂપ બીજું ફળ સમજવું. ત્રીજું ફળ દીનતા રૂપ છે. સ્પૃહાવંતને પરની પ્રગટ રીતે દ્રવ્ય ભાવથી દીનતા કરતાં દેખીએ છીએ. જેમ વિષ વૃક્ષનાં ઝેરી ફળ ખાવાથી મુખશોષ, મૂર્છા અને લાચારી રૂપ માઠાં પરિણામ આવે છે તેમ સ્પૃહા રૂપી વિષવેલીનાં ઉગ્ર પરિણામ વાળાં ત્રણ કટુક ફળ ઉપર શાસ્ત્રકારે વર્ણવ્યાં છે. ખરૂં જોતાં તો પરસ્પૃહાવંત પ્રાણીઓની તેથી અનંત ગણી વિડંબના થાય છે. તેમ છતાં અનાદિ મોહ-અજ્ઞાનને લીધે પામર પ્રાણીઓ પરસ્પૃહાના પ્રવાહમાંજ તણાય છે. તે પરસ્પૃહા રૂપી દુસ્તર નદી તરવા લગારે પ્રયત્ન કરતા નથી. ફકત જે શ્રેષ્ઠ ચારિત્ર તરંડનો દૃઢ આશ્રય લે છે તે નિર્ગ્રંથ મહાત્માજ તેને તરી જાય છે. પ્રાયઃ દુનીઆના બધા લોકો પરસ્પૃહાનાજ પ્રબળ પ્રવાહમાં વહ્યા જાય છે ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ફક્ત રાજહંસ સમાન સમર્થ સાધુ જનોજ તેના નદી પાર પામે છે. તેવા નિઃસ્પૃહી સાધુ જનોજ નિવૃત્તિનું અખંડ સુખ અનુભવે છે. અંધ પ્રવૃત્તિના પ્રવાહમાંજ વહન કરનાર સ્પૃહાવંતને તો સ્વપ્નામાં પણ એવા શમસુખનો અનુભવ કયાંથી હોય? નજ હોય. તેથીજ જ્ઞાની–વિવેકી પુરૂષો સ્પૃહાને સ્વાત્મ પ્રદેશથી સદંતર દૂર કરે છે અને અન્યને દૂર કરવા ઉપદિશે છે.

निष्कासनीया विदुषा, स्पृहा चित्तगृहाद्वहिः ॥
अनात्मरति चांडाली–संगमंगीकरोति या ॥ ४ ॥

ભાવાર્થ—ડાહ્યા માણસે સ્પૃહાને કુમતિ ચંડાલણીની સંગત કરનારી જાણીને ચિત્ત મંદિરમાંથી દૂર કરવી જોઇએ. કુમતિને પોષનારી સ્પૃહાને સદ્વિવેકી જનો સેવતાજ નથી, પણ ભૂતના ઉતારની જેવી સમજીને તેને ઘરથી બહાર કાઢે છે. આવા નિઃસ્પૃહી પુરૂષો સદા સુખમાં મગ્ન રહી શકે છે. ૪

વિવેચન—બુદ્ધિશાળી જનોએ પરસ્પૃહાનો અવશ્ય પરિહાર કરવો જોઇએ. એક તો પરસ્પૃહા ( પુદ્ગલિક વસ્તુની તૃષ્ણા ) કરવી એ આત્મધર્મથી પણ વિરૂદ્ધ છે. અને બીજું પરસ્પૃહાથી અનેક અપવાદ–દૂષણો પ્રગટે છે. પરસ્પૃહા વડે આત્મધર્મનો અનાદર કરી, સહજ સ્વભાવિક સુખનો તિરસ્કાર કરી, કેવળ કલ્પિત ક્ષણિક સુખ માટે પામર પ્રયત્ન કરવામાં આવે છે, તેથી સ્વાત્મ ધર્મ લગભગ લોપાઇ જાય છે અને વિરૂદ્ધ સંસ્કાર–વિષય વાસનાદિક દુષ્ટ વિકાર દ્દઢ થાય છે. ચાર ગતિ રૂપ સંસારચક્રમાં વારંવાર જન્મ મરણનાં અસહ્ય દુઃખ પામવાનું એજ મુખ્ય કારણ છે. નિઃસ્પૃહી આત્માને એવાં અસહ્ય દુઃખ સહેવાનું કશું પ્રયોજન રહેતું નથી તેથીજ સુજ્ઞ જનો પરસ્પૃહાનો અવશ્ય પરિહાર કરે છે. લૌકિક નીતિથી જોતાં પણ સમજી શકાય છે કે જે નીચ–નાદાનનો સંગ કરે છે તેને સુશીલ જનો પોતાના ઘરમાં સંઘરતા નથી, પણ દૂર કરે છે. તો અનંત ભવ ભ્રમણ સંબંધી અનંત દુઃખદાયી દોષોનો સંગ કરનારી તેમજ પોષણ કરનારી પરસ્પૃહાનો પરિચય શાણા માણસોએ કેમજ કરવો ઘટે ? તેમ છતાં જે જનો સુખની ભ્રાંતિથી દુઃખદાયી સ્પૃહાનો સંગ કરે છે તેઓ જ્ઞાનીની નજરમાં તો શું પરંતુ દુનીઆના દેખાવમાં પણ હસવા યોગ્ય થાય છે એમ શાસ્ત્રકાર જણાવે છે.

स्पृहावन्तो विलोक्यंते, लघवस्तृणतूलवत् ॥
महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ॥ ५ ॥

ભાવાર્થ—સ્પૃહાવંત લોકો અત્યંત તુચ્છ અને હલકા જણાતાં છતાં ભવસાગરમાં ડુબી જાય છે, તે મહા આશ્ચર્યકારક છે. કેમકે હલકી વસ્તુ તો તરવીજ જોઇએ અને ભારે વસ્તુજ ડુબવી જોઇએ એવો કુદરતી નિયમ છે. તેનું આમાં ઉલ્લંઘન થતું દે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાય છે. તેનું સમાધાન એવું છે કે તેઓ સ્વભાવે તુચ્છ છતાં મમતા દોષથી એવા તો ભારે થયેલા હોય છે કે બેહદ ભારથી ભરેલા વહાણની જેમ તેઓ અધોગતિજ પ્રાપ્ત કરે છે. ૫

વિવેચન—પારકી સ્પૃહા વડે પરના ઓશીઆળા લોકો દીન મુખથી દુનીઆનું દાસપણુંજ કરતા દેખાય છે. તેમ કરતાં તેમને જે કંઈ દ્રવ્ય પ્રાપ્ત થાય છે તે વડે તેમને સંતોષ વળતો નથી પણ ઉલટો લોભ વધે છે, એટલે અધિક સ્પૃહા થાય છે. પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવા ગમે તેવા પાસે ગમે તેવી રીતે પ્રયત્ન કરતાં માણસ પોતાની મેળેજ હલકા પડે છે. તેથી શાસ્ત્રકાર ઠીકજ કહે છે કે સ્પૃહાવંત જનો દુનીઆમાં તૃણખલાની જેવા હલકા પડેલાં દેખાય છે. કેમકે તેઓ તૃણખલાની જેમ જ્યાં ત્યાં પોતાનો કલ્પિત સ્વાર્થ સાધવાને ભટકતા ફરે છે. આવાં અજ્ઞાની જનોનું વર્તન કેવળ હસવા યોગ્ય બને છે. અહિં એક અદ્ભુત આશ્ચર્ય એવું જણાય છે કે જે હલકી વસ્તુ હોય તે જળની સપાટી ઉપર તરતી રહે છે છતાં તૃણખલાથી પણ હલકા લાગતા સ્પૃહાવંત જનો ભવસમુદ્રમાં ડુબી જાય છે. આ દેખાતા અદ્ભુત વિરોધનું સમાધાન એ છે કે સ્પૃહાવંત જનો તેમના નિંદ્ય દોષ વડે જો કે દુનિઆની નજરમાં હસવા યોગ્ય હલકા પડેલા જણાય છે પરંતુ જ્ઞાની પુરૂષોની નજરમાં તો તેઓ રાગદ્વેષાદિક ગાઢ બંધનોથી સખ્ત બંધાવાથી એટલા બધા ભારે થયેલા હોય છે કે તેઓ સંસાર સમુદ્રમાં ડુબી જાય તેમાં કશું આશ્ચર્ય જેવું જણાતું જ નથી. કેમકે દેખાવમાં ગમે તેવી નાની છતાં વજનમાં ભારે વસ્તુ જળમાં ડુબી જતી જોવામાં આવે છે જ. તેમ આત્મધર્મનો અનાદર કરી હરાયાં ઢોરની પેરે પરસ્પૃહા વડે જ્યાં ત્યાં ભટકી હલકા પડેલાં છતાં રાગદ્વેષાદિક કિલષ્ટ કર્મથી ભારે થયેલા તેમને જરૂર સંસાર સમુદ્રમાં ડુબવાનું જ બને છે એ સ્વાભાવિકજ છે. સ્પૃહાવંતની આવી સ્થિતિ છે ત્યારે નિઃસ્પૃહ મહાત્માઓ પરમ સંતોષવૃત્તિનું સેવન કરી કર્મ બંધનને છેદી તુંબડાની પેરે આ સંસાર સમુદ્રમાં નહિં ડુબતાં તરીને ઉપર આવે છે અને પરમ નિવૃત્તિ સુખ પામે છે. નિઃસ્પૃહી મહાત્માને સ્પૃહાવંતની પેરે લોક દેખાવો કરી માન મહત્વ મેળવવાની કશી દરકાર હોતી નથી તેજ વાત ગ્રંથકાર જણાવે છે.

गौरवं पौरवंद्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ॥
ख्यातिं जातिगुणात्स्वस्य, प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥ ६ ॥

ભાવાર્થ—નિઃસ્પૃહી પુરૂષ લોકવંદનીકતાથી પોતાની વડીલતા, પ્રતિષ્ઠાથી શ્રેષ્ઠતા અને જાતિગુણથી ખ્યાતિને પ્રગટ કરતાજ નથી. જે લોકપૂજા, પ્રતિષ્ઠા કે ખ્યાતિનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિકલ્પ નહિ કરતાં સ્વકર્તવ્યજ બજાવ્યા કરે છે તેજ ખરા નિઃસ્પૃહી છે. ખરા નિઃસ્પૃહી સ્વપ્નમાં પણ પરોપકારનો બદલો ઇચ્છતા નથી. ૬

વિવેચન–પરસ્પૃહા રહીત થઇ નિજ કર્તવ્ય પરાયણ બને તેજ ખરા નિઃસ્પૃહી કહેવાય છે. તેઓ જે કંઇ સ્વ ઉચિત કર્તવ્ય કરે છે તે કેવળ સ્વાત્મ રંજન અર્થે જ કરે છે પણ પર રંજન–જનમન રંજન અર્થે કરતા નથી. તેવા નિઃસ્પૃહી મહાત્માને આખી દુનિઆ માને પૂજે, કે ઉચિત સત્કાર સન્માન કરે તેમાં તે નિસ્પૃહી મહાત્માને કશું લેવું દેવું નથી. કેમકે દુનીઆમાં મનાવા પૂજાવા અર્થે પોતે કશું કરતા જ નથી. તેઓ તો કેવળ આત્મ કલ્યાણ અર્થે જ પવિત્ર શાસ્ત્રનીતિથી પ્રવર્તે છે. ઉત્તમ શાસ્ત્રનીતિ મુજબ વર્તતાં આખી દુનીઆમાં તેમનો યશવાદ બોલાય તેથી કંઇ તેઓ ફુલાઇ જતા નથી. કેમકે યશવાદને અર્થે તેમનું પ્રવર્તન જ નથી. નિંદા કે સ્તુતિ ઉભયમાં નિઃસ્પૃહીને સમભાવ હોય છે. માન કે અપમાન ઉભયમાં તેમની પવિત્ર વૃત્તિ ખંડાતી નથી. કોઇ ગમે તેમ કરો તેની તેમને પરવા નથી. તેઓ તો સ્વકર્તવ્ય કર્મમાંજ સાવધાન રહે છે. તેઓ ગમે તેવા કુળવાન હોય તોપણ તે કુળ–જાતિ પ્રકાશી પોતાની પ્રખ્યાતિ કરવા માગતા નથી. તેમ કરવાની તેમને કશી જરૂર રહેતી પણ નથી. ચકોર માણસો તેમનાં ઉત્તમ આચરણથી તેમનાં કુળ વિગેરે પિછાની લે છે. નિઃસ્પૃહી મહાત્માઓ તો ફકત સર્વ દ્વંદ્વથી અલગાજ રહે છે અને જે સદાય તેથી અલગા રહે છે તેમજ તેવા કુવિકલ્પાદિકને પણ મનમાં પેસવા દેતા નથી તેવા નિઃસ્પૃહી મહાત્મા જગત્ માત્રને પૂજવા-માનવા–સત્કાર સન્માન કરવા યોગ્ય થાય તેમાં કંઇ નવાઇ નથી. તેવા મહાત્મા જ ઉત્તમ પુરૂષોની ગણત્રીમાં ગણવા યોગ્ય છે અને તેઓ જ ખરેખર ઉત્તમ કુળના અલંકાર રૂપ છે. તેમને અમારો ત્રિકાળ નમસ્કાર હો ! તેવા નિઃસ્પૃહી મહાત્મા અમારૂં સદાય રક્ષણ કરો ! અને અમને પણ એવીજ ઉત્તમ મતિ જાગૃત થાઓ! એવા મહાપુરૂષના અંતરંગ સુખની બરોબરી કરી શકે એવું દુનીઆમાં કોઇ જણાતું નથી એમ શાસ્ત્રકાર જણાવે છે.

भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ॥
तथापि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखम् ॥ ७ ॥

ભાવાર્થ–ભૂમિ એજ એની શય્યા છે, મધુકરી વૃત્તિથી જેને ભોજન કરવાનું છે. પહેરવાને જેને જીર્ણપ્રાય વસ્ત્ર છે, અને વનમાં જેને વસવાનું છે, એવા નિઃસ્પૃહી પુરૂષને ઉત્તમ પ્રકારના સંતોષ યોગથી ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે. જેણે સંસારનો ખોટો વૈભવ તજીને સહજ આત્મઐશ્વર્ય પામવા ઉત્તમ સંયમનું સેવન આદર્યું છે. એવા આત્મસંયમી મહાપુરૂષ ચક્રવર્તીથી ઓછા સુખી નથી. ખોટો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલ્પિત આનંદ તજી સહજ આનંદ સાધનાર સત્પુરૂષ સર્વોત્તમ સુખી છે. પરસ્પૃહા રહિત-નિઃસ્પૃહી નિગ્રંથ એવું સર્વોત્તમ સુખ સાધી શકે છે. ૭

વિવેચન—જો કે પરમ નિઃસ્પૃહી મહાત્માની પાસે બાહ્ય સુખસામગ્રી કશી ન હોય અ-થવા નજીવી હોય તોપણ તેમનું અંતરંગ સુખ કોઈથી માપી ન શકાય તેવું અગાધ હોય છે. નિઃસ્પૃહી મહાત્માને શયન કરવા ભૂમિતળ હોય; ભોગી પુદ્ગલાનંદીની પેરે પુષ્પશય્યા અથવા પલંગ પ્રમુખ પ્રકૃષ્ટ સુખ સામગ્રી ન હોય. નિઃસ્પૃહી મુનિજનને માધુકરી વૃત્તિથી ભિક્ષા માગતાં જે નિર્દોષ-નિર્જીવ ભોજન સહેજે મળી આવે તે નિરામય સંયમનિર્વાહાર્થે સમભાવથી આરોગી લેવાનું હોય; ભોગી લોકની પેરે ભાતભાતનાં પકવાન્ન પ્રમુખ, આરંભ સમારંભ વડે તૈયાર કરી કરાવી ઉપયોગમાં લેવાનાં ન હોય.નિઃસ્પૃહીને શીત પ્રમુખથી સંયમ માર્ગમાં થતો વ્યાઘાત અટકાવવા અને સ્વસમાધિ ટકાવી રાખવા જરૂર જોગાં વસ્ત્ર ઉપકરણ કેવળ નિર્વાહ પૂરતાં જીર્ણ પ્રાય વાપરવાના હોય; ભોગી લોકોની પેરે ભાતભાતનાં મનગમતાં ભભકાદાર વસ્ત્રાદિકનો પ્રમાણ રહિત ભોગ ઉપભોગ કરવાનો ન હોય. તેમજ તેવા નિઃસંગી પુરૂષને વિશાળ વન પ્રમુખ નિર્જન સ્થળમાં નિવાસ કરવાનો હોય; પરંતુ ભોગી જનોની પેરે પોતાના માટે તૈયાર થયેલું ભારે ઠાઠમાઠવાળું મન ગમતું મુકામ રહેવાને ન હોય. કેમકે ભોગી જનોની પેરે સુખશય્યા, ભોજન, વસ્ત્ર અને વાસગૃહાદિકની નિઃસ્પૃહી મહાત્માને જરૂર જ શી ? તેમને તો સ્વસંયમના નિર્વાહ પૂરતીજ જરૂર છે. તે પણ કોઈ જીવને લગારે વ્યથા કર્યા વગર, સહેજે, નિર્દોષ,શાસ્ત્રનીતિથી મળી આવે તોજ-કોઇ જીવને વ્યથા થાય તેમ અથવા સંયમ માર્ગને વિરાધી, જરૂર જોગી વસ્તુને પણ નિઃસ્પૃહી મહાત્માઓ ગ્રહણ કરતા નથી. તેઓ તો સ્વદેહ ઉપર પણ મમત્વ ધારતા નથી; કેવળ સંયમ અર્થેજ દેહનું પાલન કરે છે. તો પછી ભોગી જનોની પેરે આરંભ સમારંભ જન્ય સુખસામગ્રીનો તેઓ ઉપયોગ કરેજ કેમ ? નજ કરે. મતલબકે તેમની પાસે બાહ્ય સુખસામગ્રી કશી જણાતી નથી તો પણ તેમનું અંતરંગ સુખ એટલું બધું અથાગ છે કે તેનું માપ સર્વજ્ઞ સર્વદર્શી સિવાય બીજા કરી શકતા નથી. મતલબ કે નિઃસ્પૃહી મહાત્માનું અંતરંગ સુખ નિઃસ્પૃહીજ કે સર્વજ્ઞ ભગવાનજ યથાર્થ જાણે છે. સાક્ષાત્ અનુભવ વગર તે યથાર્થ જાણી શકાય તેવું નથી. તેમજ પરસ્પૃહા માત્રનો ત્યાગ કરી નિઃસ્પૃહતાનું સેવન કર્યા શિવાય તેવો સાક્ષાત્ અનુભવ થઇ શકવાનો પણ નથી. તેથીજ પરસ્પૃહાનો પરિહાર કરી નિઃસ્પૃહતા આદરવાની અતિ આવશ્યકતા સહેજે સિદ્ધ થાય છે. એટલે નિઃસ્પૃહતા વડેજ આત્માનું કલ્યાણ સધાય છે. તે વગર તો જીવને ચાર ગતિરૂપ સંસાર ચક્રમાં અરહું પરહું અથડાવુંજ પડે છે. આમ છતાં દુનીઆભરમાં પ્રાયઃ સમસ્ત પ્રાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ પરસ્પૃહાનું જ સેવન કરતા જણાય છે; નિઃસ્પૃહતાનું સેવન કરનારા તો કોઇક વિરલા મહાત્માઓ જ દેખાય છે. સુખ સહુને પ્રિય છે, અને અમુક અપવાદ રૂપ યોગી જનોને તજી આખી આલમ પરસ્પૃહાના જ માર્ગે પળાય છે ? તો સાચો માર્ગ કયો છે? અને સાચું સુખ શેમાં રહેલું છે? તેનો શાસ્ત્રકાર છેવટે સંક્ષેપમાં જ ખુલાસો કરે છે.

**परस्पृहा महा दुःखं, निःस्पृहत्वं महा सुखम् ॥**
**एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥ ८ ॥**

**ભાવાર્થ–સુખનું અને દુઃખનું સંક્ષેપથી આવું લક્ષણ શાસ્ત્રમાં કહેલું છે કે પરસ્પૃહા એજ મહા દુઃખ છે અને નિઃસ્પૃહતા એજ પરમ સુખ છે. માટે મોક્ષાર્થીએ પરસ્પૃહા તજી નિઃસ્પૃહ થવું યુક્ત છે. ૮**

વિવેચન—જો કે જીવ માત્રને સુખ પ્રિય છે અને સુખને માટે જ પ્રયત્ન કરે છે તો પણ જીવ જ્યાં સુધી અજ્ઞાન વશ સુખનું ખરૂં સ્વરૂપ જાણતો નથી તેમજ જાણવાને જરૂર યોગ્ય પ્રયત્ન કરતો નથી ત્યાં સુધી મોહ–અજ્ઞાન વશ સુખની ભ્રાન્તિથી તે દુઃખના જ માર્ગે વહે છે અને પરિણામે દુઃખને જ પામે છે. જેમને સત્ય–સ્વાભાવિક સુખનું તેમજ તેવું સુખ પ્રાપ્ત કરવા સત્સાધનનું વાસ્તવિક સ્વરૂપ સદ્દગુરૂ કૃપાથી સમજાયું છે તે અજ્ઞાન જનોની પેરે, સુખની ભ્રાન્તિથી દુઃખ પ્રાપ્તિ થાય તેવા અવળે માર્ગે પ્રયાણ કરતો નથી. સમસ્ત સુખ પોતાના જ આત્મ–ઘટમાં વિદ્યમાન છતાં અજ્ઞાન વશ મુગ્ધ જનો કસ્તુરીઆ મૃગની પેરે સુખ મેળવવા માટે ભ્રાન્તિથી દશો દિશે બહાર ભટકયા કરે છે. ખુશબોથી ભરેલી કસ્તુરી પોતાના ડુંટા માંજ છતાં તે ખુશબો લેવા માટે મુગ્ધ મૃગલો અજ્ઞાનવશ અરહો પરહો દશે દિશે અથડાયા કરે છે, તેવીજ રીતે અજ્ઞાન જનો સત્ય—સ્વાભાવિક સુખ પોતાનામાં જ વિદ્યમાન છતાં સુખ ભ્રાન્તિથી બહાર અથડાય છે. જ્ઞાનીને તેમ અથડાવું પડતું નથી. તે તો સદ્દગુરૂ કૃપાથી સમજે છે કે સંપૂર્ણ સુખ પોતાના આત્મામાંજ સમાયેલું છે. ફકત સુખ પ્રાપ્ત કરવાને સર્વજ્ઞ વીતરાગ ભગવાને પ્રરૂપેલાં સત્સાધનો જ નિશ્ચળ શ્રદ્ધાયુક્ત સેવવાની જરૂર છે. પોતાના પુરૂષાર્થથી જેમ દોરી બળે કૂવા ઉપર ઉભેલો માણસ કૂવામાંથી જળ ખેંચી બહાર કાઢી શકે છે તેમ પ્રમાદ રહિત સતસાધન સેવવાથી સ્વાત્મપ્રદેશમાં જ ભરેલું અખૂટ અનંત સુખ પોતે જરૂર પ્રાપ્ત કરી શકે છે. તેવું સત્ય–સ્વાભાવિક અનંત સુખ પૂર્વે અનેક મહાત્માઓએ સ્વ પુરૂષાર્થ યોગે સર્વજ્ઞ દેશિત સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર પ્રમુખ સત્ સાધન યથાવિધ સેવી આત્મામાંથીજ પ્રગટ કરેલું છે. તેવીજ રીતે વર્તમાન કાળે પણ આત્માર્થી મુમુક્ષુઓ સ્વપુરૂષાર્થ વડે સર્વજ્ઞ પ્રણીત સતસાધનને આરાધી સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અભિષ્ટ સુખ મેળવી શકે છે અને આગામી કાળે પણ મેળવી શકશે. પરંતુ જે અજ્ઞાન જીવો અનાદિ કુવાસના યોગે આપમતિલા બની આમ વચનને ઉલ્લંઘી સુખની ભ્રાન્તિથી અવળે રસ્તે વહે છે તે અવશ્ય સત્ય-સ્વાભાવિક સુખથી બેનશીબ જ રહી પરિણામે બહુજ દુઃખી થાય છે. જે રજત ( રૂપા )ની ભ્રાન્તિથી શુક્તિ (છીપ) લેવાને દોડે છે તે શું રજત મેળવી શકે છે ? નહિજ. તેમ સર્વજ્ઞ વીતરાગનાં એકાંત હિતકારી વચનને વિરાધીને જે જીવો મોહ-અજ્ઞાનવશ સુખ ભ્રાન્તિથી દુઃખના રસ્તે વહે છે તે શું સુખી થાય ? ન થાય. દુઃખીજ થાય. વળી સર્વજ્ઞ દેશિત સત્સાધન સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર પ્રમુખના પણ યથાવિધ આરાધનથી જ કલ્યાણ થાય છે. યથાવિધ એટલે જિનાજ્ઞા અનુસારે કશી પણ પુદ્ગલિક કામના વગર-નિષ્કામ પણે. નિષ્કામ વૃત્તિથી સત્સાધન સેવવામાં આવે તેજ નિઃસ્પૃહતા સાચી પ્રશંસાપાત્ર છે. તુચ્છ પુદ્ગલીક સુખને માટેજ સેવવામાં આવતાં સત્સાધનો તો અલ્પ ફળ આપીનેજ વિરમે છે. તે કંઇ આત્મકલ્યાણ સાધી શકતા નથી. કેવળ પુદ્ગલિક સુખનીજ આશા-ઇચ્છાવડે અથવા તો લોકરંજનને માટેજ ધર્મકરણી કરવી તે તો બોર સાટે ચિંતામણિ રત્ન આપી દેવા જેવું મૂર્ખાઇ ભરેલું કામ છે. પરસ્પૃહા રહિત નિઃસ્પૃહપણે સર્વજ્ઞ દેશિત ધર્મનું ઉત્કૃષ્ટ આરાધન કરવાથી અક્ષય અવ્યાબાધ અનંત શાશ્વત સુખ મળે છે, તો બીજાં દેવ મનુષ્યાદિક સંબંધી પુદ્ગલિક સુખનું તો કહેવુંજ શું ? તે તો ધાન્યની સાથેજ પાકતા પલાલની જેવા પ્રાસંગિકજ છે.તેવા પ્રાસંગિક સુખ તો પલાલની જેમ સહજ સાથે લાગાંજ રહે છે. તેવાં તુચ્છ અસાર પુદ્ગલિક સુખમાટેજ પ્રયત્ન કરવો-ધર્મસાધન કરવું તે દક્ષ-મુમુક્ષુજનોને કેવળ અસ્થાને છે. રત્ન પરીક્ષક અને રત્ન વ્યાપારી ઝવેરીને બીજો નીચ ધંધો કરવાની જરૂર શી ? લાભાકાંક્ષી વણિકની પેરે પરિણામે જેમાં અધિક લાભ જણાય તેવો જ લાભદાયી વ્યાપાર દક્ષ-મુમુક્ષુ જન આદરે છે. મોક્ષ સુખને તિલાંજળી દઇ ચાર ગતિ રૂપ સંસારચક્રમાં જન્મ મરણજન્ય અનંત દુઃખને આપનારી પર પુદ્ગલિક સુખની સ્પૃહા સત્સાધન સેવવામાં દક્ષ મુનિજનો શા માટે સેવે ? ન જ સેવે. નિઃસ્પૃહી મહાત્મા પરસ્પૃહા રહિત બની જેમ સત્સાધન યોગે સર્વ સમીહિત સુખ સાધી શકે છે તેમ પુદ્ગલિક સ્પૃહા સહિત સાધુ કદાપિ સાધી શકે જ નહિં. જેમ જેમ પરસ્પૃહા તજી નિઃસ્પૃહતા ગુણનું લક્ષ પૂર્વક સેવન કરવામાં આવે છે તેમ તેમ આત્મામાં સ્થાન કરી રહેલી કઇક કાળની મલીન વાસનાઓ હઠતી જાય છે, અને અનુક્રમે પ્રબળ પુરૂષાર્થ યોગે પવિત્ર રત્નત્રયીના આરાધનથી સંપૂર્ણ વાસના-ક્ષય પણ થઇ શકે છે. વાસના ક્ષયથી રાગ દ્વેષાદિક અંતરંગ શત્રુઓનો સર્વથા જય થાય છે અને તેમ થતાં મોક્ષ કરામલકવત્ થાય છે. આમ સમસ્ત સુખનું ઉપાદાન કારણ નિઃસ્પૃહતા જ સિદ્ધ થાય છે.તેવી સંપૂર્ણ નિઃસ્પૃહતા તો તદ્ભવ મોક્ષગામી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નેજ સંભવે છે. તોપણ તેવી નિઃસ્પૃહતાને માટે કરેલો-કરવામાં આવતો પ્રયત્ન કદાપિ નિષ્ફળ જતો જ નથી. અનુક્રમે તે સંપૂર્ણ નિઃસ્પૃહતાને પ્રગટાવે છે જ. તેટલા માટે તેવો શુભ પ્રયત્ન સહુ કોઇ આત્માર્થી સજ્જનોએ અવશ્ય કર્તવ્ય-કરવા યોગ્ય જ છે. અને મનમાં સારી રીતે લખી રાખવા યોગ્ય છે કે પરસ્પૃહા જેવું પરિણામે દુઃખદાયી બીજું કશું નથી અને નિઃસ્પૃહતા જેવું પરિણામે સુખદાયી કશું નથી. એવી સદ્બુદ્ધિ આપણુ સહુને સદોદિત (સદા જાગૃત) રહો !

ઇતિશમ્.

શ્રી ધનપાળ પંડિત વિરચિત.

# श्री ऋषभ पंचाशिका अनुवाद.

૧ હે ! જગતના જીવોને કલ્પવૃક્ષ સમાન કામિત ફળને આપનાર ! અને રાગરૂપી કમળ વનને નિમીલન કરવા ( સંકોચી દેવા ) ચંદ્રકાંતિ સમાન ! તથા સમસ્ત મુનિગણના નાયક એવા હે મોક્ષના મંડન રૂપ પ્રભુ ! આપશ્રીને અમારો નમસ્કાર ! ! !

૨ ક્રોધ ( રોષ-દ્વેષ ) રૂપી અગ્નિને પ્રશાન્ત કરવા મેઘ સમાન ! શ્રેષ્ઠ એવી જ્ઞાન દર્શનરૂપ લક્ષ્મીના વિલાસઘર ! મોહરૂપી અંધકારના સમૂહને ટાળવા સૂર્ય સમાન ! અને ગુણના સમુદાય રૂપી નગરના લોકોને વસવા માટે નગર તુલ્ય એવા હે પ્રભુ ! આપ જયવંતા વર્તો ! !

૩ મોહરૂપી અંધકારથી વ્યાપ્ત એવા કારાગૃહમાં પુરાયલા અને દૈવયોગે મહા આકરા રાગ દ્વેષ રૂપી ગ્રંથીનો છેદ થવારૂપ કપાટસંપુટ ઉઘડી જવાથી સૂર્ય સમાન આપનું દર્શન થયું છે.

૪ હે જિનરવિ ! આપના દર્શનના આનંદથી વિકસિત થતા ભવ્ય કમળો-માંથી લોભીભાવને પામેલા મોહાન્ધકાર રૂપ ભ્રમરના સમૂહ જુદા પડી જાય છે.

૫ હે નાથ ! આપ નાભિ કુલગરના ગૃહમાં અવતર્યા તે વારે સર્વાર્થ નામના દેવ વિમાનનું શ્રેષ્ઠતા સંબંધી સર્વ અભિમાન ગળી ગયું.

૬ અચિન્ત્ય અને દુર્લભ મોક્ષસુખ આપનાર અપૂર્વ કલ્પવૃક્ષ એવા આપનો અવતાર થયે છતે હે જગદ્ગુરૂ ! કલ્પવૃક્ષો શરમાઇ ગયા હોય તેમ અંતર્ધાન થઇ ગયા.

*આ પંચાશિકા મૂળ, ટીકા ને અર્થ સહિત અમારી તરફથી જુદી છપાય છે. ભક્તિવંત જીવે લાભ લેવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ પ્રભુનાં પાંચે કલ્યાણક સમયે સર્વત્ર ઉદ્યોત થાય છે તે વાત કહે છે:— કાળચક્રના એક પડખે આ અવસર્પિણી કાળમાં આપનો જન્મ થયે છતે ત્રીજો આરો જાણે સુવર્ણમય હોય એવો દીપી રહ્યો.

૮ જયાં આપનો જન્મ અભિષેક થયો અને જયાં આપ શિવસુખ સંબંધિ સંપદાને પામ્યા તે બન્ને અષ્ટાપદ શૈલો અન્ય ગિરિવરોના મુકુટ રૂપ થયા. (તેમાં પ્રથમ અષ્ટાપદ એટલે સુવર્ણ તેનો શૈલ એટલે મેરૂ, જયાં પ્રભુનો જન્માભિષેક દેવોએ કર્યો તે, તથા બીજો અયોધ્યાની નજદીકમાં રહેલો અષ્ટાપદ નામે પર્વત જયાં પ્રભુ મોક્ષે પધાર્યા તે. )

૯ ઇંદ્રવડે જલદી રાજ્યાભિષેક કરાયેલા આપને સવિસ્મય દેખ ૧૨ યુગલિઆઓને ધન્ય છે! જેમણે કમળના પત્રોવડે અભિષેક જળ ચિરકાળ (હાથમાં) ધરી રાખ્યું હતું.

૧૦ વિદ્યા અને શિલ્પકળા જેમણે દર્શાવ્યાં છે તથા સમસ્ત લોકવ્યવહાર જેમણે સ્પષ્ટ સમજાવ્યો છે એવા આપ જેમના સ્વામી થયા છો તે પ્રજા કૃતાર્થ થયેલી છે.

૧૧ જેમણે બંધુઓને પૃથ્વી વ્હેંચી આપી છે અને એક વર્ષ પર્યંત અવિચ્છિન્ન પણે દ્રવ્યસમૂહનું દાન દીધું છે એવા આપે હે ધીર ! જે નિયમધુરા ધારણ કરી છે તે ધુરાને બીજો કોણ ધારણ કરી શકે ? ( અહીં ધીર કહેવાથી વર્ષ પર્યંત પ્રભુએ ક્ષુધા પરીસહ સહ્યો એ વાત સૂચવી છે.

૧૨ હે જગદ્ગુરૂ ! રાજ્ય સમયે આલિંગન કરેલી અને દીક્ષા સમયે પરિત્યાગ કરેલી રાજ્યલક્ષ્મીની અશ્રુધારા હોયની ! એવી કાજળ જેવી કાળી કેશ–જટા વડે ભૂષિત સ્કંધવાળા આપ શોભી રહ્યા છો.

૧૩ અનાર્ય દેશોમાં અનાર્ય લોકોને આપે મૌનવ્રત ધારીને ઉપશાંત કર્યા. ( તે યુક્ત જ છે કેમકે ) સત્પુરૂષો મૌનપણે જ પરનાં (શુભ) કાર્ય સાધી આપે છે.

૧૪ મુનિ અવસ્થામાં પણ આપના ચરણમાં લીન થયેલા નમિ અને વિનમિ વિદ્યાધરોના નાયક થયા. ગુરૂની ચરણ સેવા કદાપિ નિષ્ફળ થતીજ નથી.

૧૫ મેઘ જેમ વનવૃક્ષને સંતોષે તેમ જેણે તપશોષિત અને નિરાહાર એવા આપને વર્ષના અંતે (ઇક્ષુરસથી) સંતોષિત કર્યા તે શ્રેયાંસ કુમારનું શ્રેય થાઓ.

## ( જ્ઞાન કલ્યાણક આશ્રી કહે છે. )

૧૬ જેમ સંપૂર્ણ સૂર્યોદયવાળા દિવસમાં ગગન અંતર્વર્તી સમસ્ત અંધકાર નષ્ટ પામે છે, તેમ નિર્મળ કેવળ ઉત્પન્ન થયું છે જેને એવા આપ વિદ્યમાન છતે જગતનો મોહ વિલય પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭ કેવળી મહિમા અવસરે ભરતે આપને ચક્ર (રત્ન) સદૃશ લેખ્યા (તેનું કારણ એકે) વિષમ એવી વિષયતૃષ્ણા મ્હોટાને પણ મતિમોહ ઉપજાવે છે.

૧૮ (કેવળ જ્ઞાનની ઉત્પત્તિ પછી તરત) આપના પ્રથમ સમવસરણના પ્રારંભમાં કેવળ દેવાંગનાઓની દેહકાંતિ વડે થયેલો છે ઉદ્યોત જેનો એવી અગ્નિ દિશા જાણે સેવા નિમિત્તે સાક્ષાત્ આવેલા અગ્નિ દેવતાજ હોય તેવી શોભી રહી હતી.

૧૯ આપના પ્રથમ દર્શન સમયે (કચ્છ મહાકચ્છ વિના) પ્રથમ ઉત્પન્ન થયેલા અત્યંત નમ્ર તાપસોએ ગ્રહણ કરેલા વ્રતના ભંગવડે મલીન એવો પોતાનો મુખરાગ નિશ્ચે (નમસ્કારના મિષે) ઢાંકી દીધો. મતલબ કે જગત્જનો સમક્ષ પ્રભુ સાથે વ્રત લઈ પોતે નિઃસત્વ થઇ તાપસપણું આદર્યું, તેથી લજ્જાવડે સ્વમુખ દેખાડવા અસમર્થ છતાં તેમણે પ્રણામના મિષે મસ્તક નમાવી દીધા.

૨૦ તે તાપસો વડે વિંટાએલા અને વિશાળ સ્કંધ પ્રદેશ ઉપર વિસ્તરેલા જટા કલાપવાળા એવા આપે ક્ષણવાર કુળપતિ (તાપસાચાર્ય) ની શોભા ધારણ કરી. (કેમકે પછી તો તાપસોએ પ્રભુના ઉપદેશથી શ્રમણ લિંગ સ્વીકારેલું છે.)

૨૧ હે નાથ! આપની મુખમુદ્રા જોનારા જે હર્ષ પરિપૂર્ણ થતા નથી તે જો કેવળજ્ઞાની ન હોય તો સંજ્ઞી છતાં પણ અસંજ્ઞીજ સમજવા.

૨૨ જે જગત્કર્તૃત્વાદિક (કલ્પિત) ગુણોવડે અન્ય દેવો સામાન્ય સમુન્નતિ (ઉચ્ચપદવી) પામ્યા છે તે (કલ્પિત) ગુણો આપના સદ્ભૂત ગુણોત્કીર્તન કરતાં મને હાસ્ય પેદા કરે છે.

૨૩ હે જિન! મત્સરી લોકો પ્રથમ વચન વદવામાં કુશળ છતાં દોષ રહિત એવા આપની શ્લાઘા કરવાને પ્રસ્તાવે ભાંગી તૂટી વાણી બોલવાવડે બાળકની જેવી ચેષ્ટા કરે છે.

૨૪ અનુરાગ (દ્રઢરાગ) રૂપી પલ્લવોવાળા અને રતિરૂપી વેલડી ઉપર સ્ફુરી રહેલા સ્મિત (હાસ્ય) રૂપી ફૂલવાળા શૃંગારવનમાં તપથી તપ્ત થયેલું પણ આપનું મન લીન થયું નથી. (એ આશ્ચર્યરૂપ છે.)

૨૫ જે કામદેવની આજ્ઞા હરિહરાદિક દેવોએ પણ શેષા (દેવનિર્માલ્ય—ચરણામૃત—પુષ્પમાળાદિક) ની પેરે પ્રેમપૂર્વક મસ્તકે ચઢાવી તે કામદેવ પણ આપના ધ્યાનાનળમાં મીણની જેમ ઓગળી ગયો.

૨૬ જગતજનોનો દર્પ દળવાને સમર્થ અને મન્મથ રાજા (કામદેવ)ના યોદ્ધા એવા મૃગાક્ષી સ્ત્રીઓના નેત્ર કટાક્ષો કેવળ આપના વિષેજ નિષ્ફળ ગયા. મતલબકે સ્ત્રીકટાક્ષો કેવળ આપની ઉપરજ ફાવી શકયા નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ હે ધર્મસારથી ! આપનું પ્રવચન દીઠે છતે મનને ઉન્માર્ગે લઇ જનાર ( ઉદ્ધત ) ઘોડાની જેવા વિષમ રાગ દ્વેષ (વિકારા) નિશ્ચિત માર્ગે ચાલે છે. એટલે કે મનને મોક્ષ માર્ગ વિના બીજે ખોટે માર્ગે દોરી જઇ શકતા નથી.

૨૮ પ્રબળ કષાયરૂપ ચારા જેમાં (વસે) છે એવા આ ભવ અરણ્યમાં ભયથી ઉભગેલા જનોને ખડ્ગ, ચક્ર, અને ધનુષ્યરૂપ રેખાઓ જેમાં સદા સારી રીતે અંકિત છે એવાં આપનાં ચરણો જ શરણભૂત છે.

૨૯ આપના સિદ્ધાંતરૂપી સરોવરથી ભ્રષ્ટ થયેલા જીવા જેમ નીકનું જળ સકળ વૃક્ષજાતિમાં ઠેકાણે ઠેકાણે બંધાતું છતું ફરે છે તેમ સકલ ૮૪ લક્ષ જીવા-યોનિમાં કર્મવડે ઠેકાણે ઠેકાણે બંધાતા છતા પરિભ્રમણ કર્યા કરે છે.

૩૦ જેમ કૂપના અરઘટ્ટની ઘટમાળા જળ ભરેલી ઉંચે આવે છે અને ઠાલી થયેલી નીચે જાય છે તેમ આપના પ્રવચનને આરાધેલા જીવા ઉર્દ્ધ ગતિ પામે છે. અને વિરાધેલા નીચી ગતિને પામે છે.

૩૧ જેમ સુગત [ બોધ ] વિગેરે અન્યદર્શનીઓ [ તેમના ભક્તોને ] સુખે સુખે ( દેહને કંઇ કષ્ટ નહિ આપતાં તેને સારી રીતે પોષીને ) મોક્ષ આપે છે તેમ આપ આપતા નથી.છતાં આપે ઉપદિશેલા માર્ગમાં લાગેલા પ્રાજ્ઞ જનો શિવ સુખને ગવેષે છે ( એ આશ્ચર્ય છે ), મતલબ કે જેમ બુદ્ધાદિક મજેમાં મુક્તિ મેળવી આપે છે તેમ આપ મજેમાં મુક્તિ નથી મેળવી આપતા. તો પણ આપના ભક્તો આપના ઉપદેશનેજ અનુસરી મુક્તિ મેળવવા પ્રયત્ન કરે છે તે આશ્ચર્ય છે.

૩૨ હે જિન ! સંસાર રૂપી ચાપાટમાં અક્ષો ( ઇંદ્રિયો—પાસા ) વડે સંચા-ર્યમાણ થતા જીવા દેવતત્ત્વ બુદ્ધિથી આપને દીઠે છતે પગડું દીઠે લખોટીઓ ( સોગઠીયા) ની પેરે બંધ—વધ કે મરણના ભાગી થતા નથી.

૩૩ હે પ્રભુ ! ( સામગ્રી વિકળતા વડેજ ધર્મોપદેશાદિકના અભાવથી ) આપના વડે ઉપેક્ષા કરાયેલા જીવા નિગોદ રૂપ એકજ શૃંખળાથી નિયંત્રિત થયેલા અને સહુ સાથેજ આહાર—નિહાર ક્રિયા કરતા અનંત કાળ ગુમાવે છે.

૩૪ હે તપોનિધિ ! જે દુઃખો વડે કદર્થિત થયેલા જનોને આપનામાં પરમ પ્રેમ પ્રગટે છે તે દુઃખો પાપાનુબંધી નથીજ, કિંતુ પુણ્યાનુબંધી હોવાથી ઉલટાં તે પ્રશંસનીય છે.

૩૫ આપની સેવાથી મોહનો ઉચ્છેદ અવશ્ય થશે એ વાતથી હું પ્રમોદ પામું છું. પરંતુ મોહનો ઉચ્છેદ થયા પછી આપને ન વંદાય એ વાતથી મને દુઃખ થાય છે. ( કેમ કે કેવળી કેવળીને ન નમે એવો નિયમ છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૬ આપની સેવાથી વિમુખ એવા જે મિથ્યાદૃષ્ટિ જનો છે તેમની રાજ્યાધિકાર સંપદાની જેમ પ્રરિણામે વિડંબનાકારી સંપદાઓ મુજને મ પ્રાપ્ત થાઓ.

૩૭ હે દેવ ! અન્ય દીપક તમસ્તોમ ( અંધકાર ) ને ભેદીને લોકને ઘટાદિક પદાર્થો પ્રગટ દેખાડે છે પણ જગતનાં અનન્યદીપક એવા આપનું દીપકકાર્ય વિપરીત જણાયું છે. કેમ કે આપ તો પ્રથમ પોતાનાં ઉપદેશ રૂપી કિરણો વડે ભવ્ય જીવોને જીવાદિક પદાર્થો અવબોધો છો અને પછી તત્વાવબોધ ઉત્પન્ન કરીનેજ અજ્ઞાન અંધકારને ભેદો છો.

૩૮ જેમના કર્ણમાં આપના વચન રૂપ મંત્રનું એક પણ પદ પડયું છે તે જીવો મિથ્યાત્વ રૂપી વિષથી મૂર્છિત છતાં પણ ( ચિલાતિપુત્ર-તથા રોહિણીયા ચોરની પેરે ) શું સચેતન થતા નથી ? અર્થાત્ થાય છે.

૩૯ કુતીર્થીકનાં આગમ ક્ષણાર્ધ પણ સાંભળ્યાં છતાં આપના વિષે સ્થિર પ્રેમને પ્રગટાવે છે. તો પણ તે આપના આગમના જાણકારનું મન હરી શકતા નથી. મતલબ કે પરસ્પર અસંબદ્ધપણાથી અસાર હોવાને લીધે જેમ જેમ તે સાંભળવામાં આવે છે તેમ તેમ યથાર્થવાદી એવા આપનામાં પ્રેમ પ્રગટાવે છે એ વાત યુકતજ છે.

૪૦ વાદીઓ વડે ( સ્વપક્ષમંડન વડે-પરપક્ષખંડન માટે ) અશ્વો સાથે પ્રયોજાએલા અન્યોન્ય સંલગ્ન હાથીઓની જેવા આપના નયો ક્ષણમાત્રમાં પ્રતિપક્ષ ( શત્રુ ) ને વિમુખ કરી નાંખે છે.

૪૧ જે જ્યોતિષ વિદ્યા પ્રમુખ વચનો વડે અસમંજસ ( પરસ્પર સંબંધ વિનાના ) પરસિદ્ધાન્તો શ્લાઘા પામે છે તે આપના ( અગાધ ) સિદ્ધાન્ત સમુદ્રની પાસે મન્દ બિંદુઓના કણીયા છે.

૪૨ ઝહાજ સમાન આપનો ત્યાગ કર્યે છતે પ્રતિસમય આપદાના મુખમાં પડેલા જીવો ભવસમુદ્રમાં વિવિધ વિડંબના પામે છે.

૪૩ ( હે દેવ ! બીજા જીવોનું તો શું કહેવું ? ) અણધાર્યા આવેલા તંદુળિયા-મચ્છના ભવમાં અંતર્મુહૂર્ત કાળ વસી મેં સાતમી નરકમાં ૬૬ સાગરોપમ વ્યવધાન રહીત વીતાવ્યા.

૪૪ ( હે દેવ ! ) તિર્યંચપણામાં પણ જ્ઞાનાવરણી કર્મથી અત્યંત અવરાયેલા એવા મેં શીત, તાપ અને વર્ષા સંબંધી ભારે આકરૂં-દુઃખ અનુભવ્યું.

૪૫ હે દેવ ! મનુષ્ય ભવનાટકને વિષે પણ ઉત્પન્ન થયેલા મેં કુસંગના મધ્યથી ચાલી નીકળેલા એટલે આયુષ્ય ક્ષયથી મરણ પામેલા પ્રાપ્ત (પાત્રરૂપ) થયે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લા પ્રિય પુત્ર કલત્ર વડે અંક શૂન્ય જોયા. મતલબ કે મનુષ્ય ભવોમાં પણ પ્રિય પુત્ર કલત્રાદિકના વિયોગથી ભારે દુઃખ સહન કર્યું.

૪૬ (વળી હે દેવ !) દેવલોકમાં પણ મેં દુશ્મનોની સમૃદ્ધિ દેખી મહર્દ્ધિક (મહાસમૃદ્ધિવંત) દેવોની આજ્ઞાઓ ઉઠાવી અને નીચ એવા કિલ્વિષ પ્રમુખ દેવપણામાં દારિદ્ર (નિઃસત્ત્વ) અને સંતાપ સહ્યા.

૪૭ (હે દેવ !) ભવ-વનને સિંચતા એવા મેં અરહટ્ટ પ્રેરિત ઘટી સંસ્થાન અવસર્પિણી અને ઉત્સર્પિણી સમેત પરાવર્ત્તની પેરે પુદ્ગલ પરાવર્ત્તો બહુ વાર કર્યા.

૪૮ હે નાથ ! હું સંસારમાં અનંતકાળ ભમ્યો તોપણ તેમાં દુઃખથી બીનો નહીં. હમણાં આપને દીઠે છતે ભય જાગ્યો અને (સાથે જ) ભય ગયો. મતલબ કે કોપાદિકથી આવી રીતે વિંડબના પામ્યો એમ ભય જાગ્યો અને ક્ષમાદિકથી તેમનું હું નિરાકરણ કરી નાંખીશ એમ ભય ટળ્યો.

૪૯ હે જગદ્ ગુરૂ ! યદ્યપિ આપ કૃતાર્થ અને મધ્યસ્થ એટલે સ્વસ્વરૂપસ્થ છો તથાપિ હું પ્રાર્થું છું કે કદાચિત્ પણ એટલે કોઇક દેશકાળને વિષે પણ ફરીને અથવા પુનઃ પુનઃ અમને આપનું દર્શન દેશો.

૫૦ ધ્યાનાગ્નિ વડે દગ્ધ કરી નાંખ્યાં છે કર્મેંધન જેણે એવા અને અતિ દુસ્તર ભવ ભયરૂપી સમુદ્રને તરવા પ્રવહણ સમાન એવા હે પ્રભુ ! બાળબુદ્ધિ એવા મેં (ધનપાળે) સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ રૂપ ફળને આપનાર એવા આપની ભક્તિવડે સ્તુતિ કરી છે. (તેથી અમને સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ, નિર્મળ ધ્યાનયોગે સકળ કર્મોનો ક્ષય અને ભવ ભયનો પ્રણાશ થાઓ.) તથાસ્તુ. इति शम्

(સન્મિત્ર કર્પૂરવિજય.)

# हितशिक्षा.

## वसंततिलका.

रे भाइ सज्जी दीन सदा न समान जाते, हे मूढ जो विभवमें मन गर्व लाते;
ए देह ही जब विनश्वर सत्य सत्य, तो क्या भला विभव-भंगुरता असत्य. १

तुं देखले नयन को अपने उघाड, देता तुजे जगत् है उपदेश सार;
है सर्वदा स्थीर यहां कीसकी अवस्था, होती अखंड जगमें कीसकी व्यवस्था. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



है विश्ववस्तु परिवर्तनशील मित्र ! होते चरित्र जवके सब है विचित्र ;
है सौख्यमें दुःख छीपा रहेता अदृश्य, दुःखान्तमें प्रकटता सुख शांति दृश्य. ३
जाइ हुइ कलहसें किसकी जलाइ, त्यागो सतर्क नित्य आपसकी लडाइ;
राखो सदैव सबसें शुचि साधुभाव, होगा कभी फीर नहि सुखका अभाव. ४
जो अन्य अल्प गुणभी गिरिसा[1] विचारे, है सन्त सो सविधि पूज्य सदा हमारे;
होते प्रफुल्ल करके गुण जो विलोक, वे स्वर्ग तुल्य करते यह मर्त्यलोक. ५
होती अलक्षित अहर्निश आयु क्षीण, आलस्यमें सतत् तुं नर हो न लीन;
कर्तव्यमें निरत हो तज मूढ माया, खो पापमें न यह दुर्लभ दिव्य काया. ६
क्यों भूतकालिक दुःखोपर खेद पाते, जाइ गये दिन कभी फीर है न आते;
लो वर्तमान अपने कर सर्व कार्य, सत्कार्य जात कुलको रखते न आर्य. ७
तुं धर्मसें विमुख हो रहता सदैव, आमोद सिंधुजलमें बहता सदैव;
है सौख्य भोग नर जीवनका नकाम, हो भोगलिप्सु मत तुं बन रोगधाम. ८
तुं भिन्नता विषयका तज निंद्य गान, संसारको निज कुटुम्ब समान जान;
निष्काम हो दुःखीतको दुःखसें उगार, है धर्म सार वश एक परोपकार. ९
हे सर्वथा सहज मौखीक धर्मशिक्षा, लेना वडा सुगम है शुभ साधुदीक्षा;
है किन्तु दुष्कर वडी इनकी समीक्षा, होती यथा समय है सबकी परीक्षा. १०
लाखो हुए नृपति वैभव शक्ति पूर्ण, हा ! मृत्यु के मुख हुए पर सर्व चूर्ण;
है और अन्य जनका तब क्या ठिकाना, सद्धर्मसें पद नहि अपना हटाना. ११
सेवा सदैव जगकी करना सभक्ति, सद्धर्मका पथ सदा धरना सभक्ति ;
आपत्ति दीन जनका हरना सभक्ति, आनंदसें अभय हो मरना सभक्ति. १२

## स्रग्धरा.

हिंसा आलस्य इर्ष्या, कलह रुज घृणा, फुट चिन्ता विषाद ,
हो जावे लोप सारे, व्यसन अरु व्यथा, मोह माया प्रमाद ;
काम क्रोधादि तृष्णा, तज जगत करे, धर्म स्वातंत्र्य पान ,
पावे संसार सारे, सुख नित करते, शांति संगीत गान . १३

'सरस्वती.'

---

[1] पर्वत जेवा,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंद्राजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૨૧૨ થી )

વીરમતિ અનેક વિદ્યાઓ પામવાથી મદોન્મત્ત થઇ, નિર્ભય થઇ અને સર્પ પાંખવાળો થાય અને સિંહ જેમ પાખરેલો થાય તેવી અન્યને ભયકારક થઇ તેણે મંત્રાદિક પ્રયોગવડે પોતાના પતિ વિગેરેને વશ કરી લીધા અને દેશપ્રદેશમાં રફ પ્રસિધ્ધિને પામી.

અહીં ચંદ્રકુમાર ઉમરમાં વૃધ્ધિ પામ્યો, એટલે તેના પિતાએ તેને પંડિત પાસે ર્યો. ત્યારે તે ભોગ સંબંધી, યોગ સંબંધી તેમજ લક્ષણ, ગણિત, કાવ્ય, શબ્દ, છંદ ઇત્યાદિ સંબંધી અનેક કળાઓમાં નિપુણ થયો.

વીરસેન રાજાએ ગુણશેખર રાજાની પુત્રી ગુણાવળી કે જે રંભા જેવી રૂપવંત , વળી જે નામ પ્રમાણે ગુણવાળી હતી તેની સાથે તેને પરણાવ્યો. તે નિરંતર નવાં આભરણો, નવાં નવાં વસ્ત્રો અને નવી નવી કામકળાઓ વડે ગુણાવળી આનંદ કરવા લાગ્યો. અને તેની સગી માતા કરતાં વીરમતિનો પ્રેમ તેના પર ોષ દેખાવા લાગ્યો.

એકદા વીરસેન રાજા એકાંતમાં પોતાની રાણી ચંદ્રાવતી પાસે પોતાના કેશ રાવવા બેઠા. ચંદ્રાવતી પણ સુવર્ણમય કાંચકી વડે કેશ ઓળવા લાગી અને ધી તેલ નાખવા લાગી,તે વખતે રાણીની આંગળીઓનો ને કેશનો સંબંધ કસૌ- કંચન રેખા જેવો જણાવા લાગ્યો. એવામાં રાજાના મસ્તકમાં એક પળી (ધોળો વાળ ) તેના જોવામાં આવ્યો. તે જોતાં જ દિવસે જેમ કૈરવિણી સંકોચાય તેનું મુખ સંકોચાયું. તેના મુખપર ગ્લાની આવી ગઇ.

ચંદ્રાવતીએ રાજાને કહ્યું કે— "હે સ્વામી ! દૂત પ્રગટ થયો. બીજા શત્રુઓ ારાથી વાર્યા રહ્યા પણ આ એક શત્રુ તમારાથી ડર્યો નહીં, તમારો ભય અવગ- ને તે ધૂર્ત પ્રગટ થયો." રાજા ચંદ્રાવતીનાં આવાં વચન સાંભળીને ચો તરફ ા લાગ્યો પણ કોઇ માણસ તેની દ્રષ્ટિએ પડ્યું નહીં એટલે તેણે રાણીને કહ્યું કે એવો દૂત કોણ છે કે જે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અહીં અંતઃપુરમાં ેશ કરે. તું મને બતાવ એટલે હું તેને સખ્ત સજા કરૂં." રાણી બોલી કે "હે તિ ! આપ આકુળ વ્યાકુળ કેમ થાઓ છો ? બીજો દૂત તો અહીં કોણ પ્રવેશ ી શકે ? આ તો તમારા સ્તક પર ધોળો પળી આવ્યો છે તે જરાનો દૂત છે. તેના આવ્યાની વાત કહું છું." રાણીના આ વચનથી રાજાનો ક્રોધ એકદમ ી ગયો. તે મનમાં વિચારવા લાગ્યો કે—" અહો ! આવા અનુપમ દેહમાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરા આવી! શિવે કામદેવને બાળ્યો કહેવાય છે પણ તેણે જરાને કેમ ન બાળી કે જેથી આવો શોચ કરવાનું કારણ રહેત નહીં. ધોબીની સ્ત્રીની જેમ આ જરા વાળને કાળાના ધોળા કરી નાખે છે. હવે હે ચેતન! તું ચેત! તારે ચેતવાનો સમય છે. કેમકે આ જરા બાહ્ય પ્રકાશ ( ઉજ્વળતા ) કરે છે તો તું અંતરમાં પ્રકાશ [ ઉજ્વળતા ] કેમ કરતો નથી. આ રાજ્ય તો અંતે નરકને આપવાવાળુંજ છે એમા જરા પણ સંદેહ નથી. તો તું તેમાં કેમ મુંઝાય છે? અરે આત્મા! તું આ જરાનો ઉપકાર માન કે તે તને પરમાત્માના ગુણનો અંશ પ્રકટ કરવામાં સહાયક થઇ છે. તે કાગડાને પણ હંસ બનાવે છે. એની આજ્ઞા અખંડ પ્રવર્તે છે. જે એની આજ્ઞાને વશ થતા નથી અને રસને દ્રીને વશ થઇ સંસારમાંજ પડ્યા રહે છે તેને એ સખ્ત શિક્ષા કરે છે. એટલે કે રસનાના મિત્ર દાંતોને દંડવટે પાડી નાંખે છે. આ પળિ જરાદેવીનું અપ્રતિમ ખડ્ગ છે. તે કામસુભટને હણી નાખે છે. માટે હવે આ સ્ત્રીયાદિકને તજીને ચારિત્ર અંગિકાર કરવું તેજ મને યોગ્ય છે."

આ પ્રમાણે દ્રઢ વિચાર કરીને તેણે ચંદ્રાવતીને કહ્યું કે—"હું હવે આ રાજ્યભાર તજી દઈને સંયમભાર અંગિકાર કરીશ. સાંસારિક ભોગ ભોગવતાં તૃપ્તિ નહોતી થતી પણ અત્યારે તો મને તેની તૃપ્તિનો ઓડકાર આવે છે. હવે હું તેને ભોગવવા ઇચ્છતો નથી." ચંદ્રાવતીએ એકાએક આવાં વચનો સાંભળી વિષયોત્પાદક વાણીવડે અનેક પ્રકારે રાજાને ભોળવવાનો પ્રયત્ન કર્યો પણ તે કોઇ રીતે ભોળવાણો નહીં એટલે તેણે તે વાત વીરમતિને કહી. પછી બંનેએ મળીને ઘણી રીતે રાજાને સમજાવ્યા પણ તેણે તેનું કાંઇ પણ માન્યું નહીં. છેવટે રાજાનો દ્રઢ આગ્રહ જણાવાથી લઘુકર્મી ચંદ્રાવતીએ કહ્યું કે—"હે સ્વામી! જો આપ ચારિત્ર ગ્રહણ કરશો તો હું પણ આપની સાથેજ ચારિત્ર લઇશ." રાજાએ તેમ કરવાની તેને અનુજ્ઞા આપી.

પછી ચંદ્રકુમારને ઓરમાન માતા વીરમતિને સોંપીને વીરસેન રાજા અને ચંદ્રાવતી રાણીએ ચારિત્ર અંગિકાર કર્યું. રાજ્ય તરફથી મહાન્ ઉત્સવ કરવામાં આવ્યો. ચંદ્રકુમારને રાજારાણીએ ચારિત્ર લેતી વખતે ઘણી ઉત્તમ શિખામણો આપી અને તેને રાજ્યપર બેસાર્યો.

વીરસેન રાજર્ષિ ને ચંદ્રાવતી સાધ્વી નિરતિચાર ચારિત્ર પાળી શ્રી મુનિસુવ્રત સ્વામીને વારે કેવળજ્ઞાન પામી સિદ્ધિ સુખના ભાજન થયા. વીરસેનરાજા ને ચંદ્રાવતી રાણીનો આ ચરિત્ર સાથેનો સંબંધ અહીં સંપૂર્ણ થાય છે. ત્રીજું પ્રકરણ પણ અહીં પૂર્ણ થાય છે. આ પ્રકરણ નાનું છે પણ તેમાં રહસ્ય ઘણું સમાયેલું છે. હવે પછી આગલા પ્રકરણોમાં આપણે ચંદ્રકુમારને વીરમતિનું ચરિત્ર નીહાળવાનું છે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ઘણું ધ્યાન આપવા લાયક છે. વાંચક બંધુઓએ તેમાં અંધ આરસી જેવો ન્યાય કરવા યોગ્ય નથી. હવે પછીના કથાવિભાગમાં ચંદ્રકુમારની રાણી ગુણાવળી એ એક પાત્ર વધે છે, તેથી ત્રણેનું ચરિત્ર એકત્ર આવવાનું છે. હાલ તો આપણે ઉપર કહેલા ત્રીજા પ્રકરણમાં સાર ગ્રહણ કરવા લાયક શું છે તે વિચારીએ, કારણ કે તે બહુજ ઉપયોગી છે.

## પ્રકરણ ત્રીજાનો સાર.

વીરમતિ વિદ્યાઓ મળવાથી ઉન્મત્ત થયાનું આ પ્રકરણના પ્રારંભમાં જ કહેવામાં આવ્યું છે. બહુ સ્થાનકે પ્રાયે એમજ બને છે. પાત્ર બરાબર ન હોય ત્યાં કદિ પણ વિદ્યા કે દ્રવ્યાદિકની પ્રાપ્તિથી અભિમાન આવ્યા શિવાય રહેતુંજ નથી. સામાન્ય વિદ્યા જીરવવી મુશ્કેલ પડે છે, તો જેથી અનેક પ્રકારના ચમત્કારો કરી શકાય-બતાવી શકાય એવી મહાન્ વિદ્યાઓ તુચ્છ હૃદયવાળી વીરમતિથી જીરવી શકાય એ અસંભવિત જ છે. આવી વિદ્યાઓથી તેણે પોતાના પતિને પણ વશ કરી લીધો. પ્રાયે સાચા પ્રેમવાળી સ્ત્રી કરતાં ખોટો ડોળ ધારણ કરનારી-ઉપર ઉપરથી પ્રેમ બતાવનારી, અંતઃકરણની મલીન સ્ત્રીઓ જ પતિનો પ્યાર મેળવવામાં ફાવી જાય છે. કુલટા સ્ત્રીઓના તેમજ વેશ્યાદિકના ફંદમાં એ કારણથી જ માણસો ફસા-ય છે. કારણ કે લગ્નક્રિયાવડે પાણિગ્રહણ કરેલી કુળવધુઓ મિથ્યા ડોળ કરી પ્રેમ બતાવવા મથતી નથી. તેઓ તો ખરો પ્રેમ ધરાવનારી છે કે જે પતિના વિરહે જીંદગી પર્યંત વિધવાવસ્થા ભોગવે છે. અને કુલટાઓને તો માત્ર સ્વાર્થ પૂરતી જ પ્રીતિ હોય છે, તેઓ તો ધન હરવામાંજ તત્પર છે, એટલે એટલો બધો પ્યાર બતાવે છે કે વિચક્ષણ મનુષ્ય પણ જો એકવાર એ રસ્તે ચડ્યો અને લપટાયો તો પછી એની પ્રપંચજાળમાંથી નીકળવું તેને મુશ્કેલ થઈ પડે છે. ચંદ્રાવતીના સાચા પ્રેમ પાસે પણ વીરમતિનો કૃત્રિમ પ્રેમ એજ કારણથી ફાવી જાય છે.

ચંદ્રકુમાર વિદ્યાભ્યાસને યોગ્ય વયનો થાય છે એટલે વીરસેન રાજા તેને વિદ્યા-ગુરૂ પાસે મુકી સર્વ કળાઓનો અભ્યાસ કરાવે છે. માબાપોની એ ફરજ છે. દ્રવ્ય ન આપી જાય, વિવાહ ન કરી આપે તો તેની અડચણ નથી; તે કાંઇ ન છુટી શકે એવી માબાપની ફરજ નથી પરંતુ વિદ્યાભ્યાસ કરાવવાની તો માબાપની ન છુટી શકે તેવી ફરજ છે.

કેટલાક અજ્ઞાન માબાપો વિદ્યાભ્યાસ સારો કરાવતા નથી; તેમાં પૈસા ખરચતા નથી અને નાની વયમાં સારૂં ઠેકાણું જોઇ એક ઉપાધિ વળગાડી આપે છે. અર્થાત્ વેશવાળ કે લગ્ન પણ બાળવયમાં કરી આપે છે, એમાં પૈસા ખરચતાં પણ અચકાતા નથી. આ કાર્ય ભૂલભરેલું છે. ખરી જરૂરિયાતને ભૂલી જઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી બાબતમાં લક્ષ આપવું તે પોતાને આશ્રયે પડેલા બાળકોનું હિતને બદલે અહિત કરવા બરાબર છે. હજુ પણ અજ્ઞાન માબાપોની આંખો ઉઘડતી નથી. બાળલગ્ને અનેક પ્રકારની પાયમાલી કર્યા છતાં હજુ તેનાથી પાછા ઓસરતા નથી. જુઓ ! અહીં વીરસેન રાજાએ ચંદ્રકુમાર સર્વ કળામાં પૂરેપૂરો પ્રવીણ થયો ત્યાર પછી તેને ચંદ્રશેખર રાજાની પુત્રી ગુણાવળી સાથે પરણાવ્યો. આનું નામ યોગ્ય કર્યું કહેવાય.

ચંદ્રકુમાર ગુણાવળી સાથે યૌવનાવસ્થાને અનુસરતી પ્રવૃત્તિમાં પ્રવર્તે છે. આમાં સાધ્ય જાળવવાની એકજ છે કે યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં આયુષ્યની અસ્થિરતાને ભૂલી નહી જતાં અકસ્માત ભવ પૂરો થઇ જાય તો પસ્તાવું ન પડે તેટલા માટે ધર્મારાધન કર્યા કરવું. તેનો એક દિવસ પણ વિરહ ન રાખવો. જેઓ યૌવનાવસ્થામાં સ્ત્રીયાદિકમાં આસક્ત થઇ જઇ ધર્મને ભૂલીજ જાય છે તેઓ અકસ્માત્ આયુષ્ય પૂર્ણ થઇ જતાં પસ્તાય છે અને ધર્મારાધન કરેલું નહીં હોવાથી દુર્ગતિના ભાજન થવું પડે છે.

હવે આગળ વીરસેન રાજાની એકાંત સ્થિતિનું કવિ દર્શન કરાવે છે. વીરસેન રાજા ચંદ્રાવતી રાણી પાસે કેશનો ઉપસ્કાર કરાવે છે. રાણી કેશ ઓળતાં તેમાં એક ધોળો વાળ દેખે છે. એટલે પ્રથમ તો તેજ ચમકે છે, તેનું મુખ ગ્લાનિ ધારણ કરે છે અને તે ખેદમાં નિમગ્ન થઇ જાય છે. પછી રાજાને તે વાત જાહેર કરવા માટે યુક્તિથી દૂત આવ્યાનું કહે છે. રાજા દૂતને દેખતો નથી એટલે સસંભ્રમપણે દૂત ક્યાં છે ? એમ પૂછે છે. રાજાઓ આજ્ઞાભંગની બાબતમાં બહુ સખ્ત વિચારવાળા હોય છે. રાજા વિચારે છે કે હું અંતઃપુરમાં એકલો છું, બહાર અનેક ચોકીદારો બેઠેલા છે, તે સર્વનું ઉલ્લંઘન કરીને તેમજ મારી આજ્ઞાનો ભંગ કરીને કોઇ પણ રાજાનો દૂત અહીં આવી શકેજ કેમ ? રાજાઓને આજ્ઞા ભંગ એ અશસ્ત્ર વધ તુલ્ય હોય છે. ચંદ્રાવતી સમજાવે છે કે આ તમે અટકાવી શકો તેવા કોઇ રાજાનો દૂત નથી પરંતુ આ તો જગતમાં જેનું નિવારણ કરવાને-જેને અટકાવવાને કોઇ સમર્થ થયું નથી, થતું નથી અને થવાનું નથી એવા યમરાજાનો અથવા તો તેની માનીતી રાણી જરાદેવીનો દૂત છે. તેના પતિની જેમ એની આજ્ઞા પણ અખંડ મનાય છે. જે એની આજ્ઞાને આધિન થતા નથી તેના એ દાંત તોડી પાડે છે, હાડ નબળા કરે છે, આંખ તેજહિન કરી દે છે, કર્ણદેવને વિદાય કરે છે અને હાથમાં લાકડી લેવરાવી ત્રણ પગવાળો વિચિત્ર પશુ બનાવી દે છે. રાજા મહા વિચક્ષણ તેમજ લઘુકર્મી હોવાથી રાણીના એક વચનમાંજ સમજી જાય છે. તેને બહુ ખેદ તો એટલા માટે થાય છે કે તેની અગાઉના રાજાઓ પુત્ર રાજ્યભારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ્ય થતો કે તરત—પળીનું દર્શન થયા અગાઉ રાજ્ય તજી ચારિત્ર અંગિકાર કરતા હતા અને પોતાને તો પળી દેખાવાનો વખત આવ્યો. આટલા વખત સુધી હું ચેત્યો નહીં એમાં મારી ખરેખરી ભૂલ થઇ છે. મેં મારા વડીલોથી આવ્યો આવતો માર્ગ લોપ્યો છે. ખેર! હવે જે બન્યું તે બન્યું. ગયો કાળ પાછો આવતો નથી, તેને માટે શોક કે ખેદ કરવો તે નકામો છે, પણ હવે તો ચેતું. આનું નામ તે શૂરવીરપણું. એકવાર સંસારપરથી મન ઉઠ્યું. તે ઉઠ્યું. કાયર માણસની જેમ 'ઠીક છે, હવે વિચાર કરશું, કાંઇક સાવચેતી રાખશું, બધું કામકાજ પતાવી સંસાર છોડશું.' આવા વિચારો ઉત્તમ જીવો કરતાજ નથી. તેના મનમાં 'સંસાર છોડવા યોગ્ય છે' એમ ભાસ્યું એટલે પછી તેનો વિલંબ તેઓ કરતાજ નથી. કામકાજ પતાવવાનું તેના મનમાં આવતુંજ નથી. દુનીઆમાં કામકાજ તો પત્યાજ કરે છે. કોઇ તમામ કામનો નીકાલ કરીને જતું નથી, થોડાં ઘણાં કામ પણ અધુરાં મૂકવાંજ પડે છે. " અખો કહે અંધારો કુવો, ઝઘડો ચુકવી કોઇ ન મુવો. " આ અખાની વાણી ધ્યાન આપવા લાયક છે. અકસ્માત મૃત્યુ આવે છે ત્યારે બધું કોણ પતાવે છે? પોતે બધું પતાવ્યું હોય છતાં કયાં તેમાં તકરારો ઉઠતી નથી? માટે જ્યારે સંસાર છોડવાની ઇચ્છા થાય ત્યારે એવા આળપંપાળ કરવા યોગ્યજ નથી. તે વખત તો વીરસેન રાજાની જેમ દૃઢ વિચારવાળા થવાની જરૂર છે.

વીરસેન રાજા ચંદ્રાવતી પાસે પોતાનો વિચાર જાહેર કરે છે એટલે તે ગભરાય છે. તેના મનમાં તો પળી આવ્યાની વાત પણ સહજની હતી ત્યાં તો તેનું રૂપ જુદુંજ થઇ પડે છે. એટલે તે વિચારમાં પડી જાય છે. અનેક પ્રકારે વીરસેન રાજાને સંસાર ન છોડવા માટે તે સમજાવે છે. પોતાથી બની શકે તેટલા કામોત્પાદક પ્રયત્નો કરે છે પરંતુ અડગ વૃત્તિવાળો રાજા જ્યારે તેમાં સપડાતો નથી, ત્યારે તે વીરમતિને વાત કરે છે. પછી બંને રાણીઓ ભેળી થઇને તેમને રોકવા પ્રયત્ન કરે છે. આ વખતે સ્થિર રહેવું તે થોડું મુશ્કેલ નથી. ખરેખરા દૃઢ વિચારવાળા માણસોજ એવે પ્રસંગે ટકી શકે છે. રાજા ડગતા નથી એટલે ચંદ્રાવતી પણ તેના વિચારને અનુસરે છે.

અહીં ચંદ્રાવતીને વિશેષ ધન્યવાદ આપવા જેવું છે. કેમકે પોતાના એકના એક પુત્રને જગમાં જાહેર થયેલી વીરમતિને સોંપવો અને પોતે સંસાર છોડવો એ સહેલી વાત નથી. તે છતાં તેણે પોતાનો પુત્ર તેના ખોળામાં સોંપ્યો અને પોતે સંસારથી વિરક્ત થઇ પતિ સાથે ચારિત્ર લેવા તત્પર થઇ. જ્યારે સંસારની ખરેખરી અસારતા ભાસે છે, તેનું અનિત્યપણું ચોક્સ ઠસે છે, સંસારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધીઓ માત્ર સ્વાર્થી છે એવો નિર્ણય થાય છે, મૃત્યુ આવે ત્યારે કોઇ રાખવા સમર્થ નથી એ વાત જગતમાં સર્વત્ર જોતાં છતાં પોતાને માટે હ્રદયમાં ખાત્રી થતી નહોતી તેની જ્યારે ખાત્રી થાય છે, સંસારના સંબંધો અનેક વખતે થયેલા છે એ વાત સચોટ સત્ય લાગે છે, પુત્ર કોનો અને માતા કોની એ વાતનો વિચાર કરતાં માત્ર આ ભવના શરીરસંબંધથી કહેવામાં આવતી તે એક સંજ્ઞા જ છે એમ જણાય છે, પોતે એકલો આવ્યો છે ને એકલો જવાનો છે એ વાત શાસ્ત્રાધારે અને અનુભવાધારે સિદ્ધ જણાય છે, જગતનાં પદાર્થ માત્ર તેમજ સંબંધીઓ માત્ર પોતાથી અન્ય છે, તે પોતાના નથી અને પોતે તેનો નથી એ વાતનો નિર્ણય થાય છે ત્યારે પછી સંસારમાં મોહ ઉત્પન્ન કરે તેવું સાધન કાંઇ રહેતું જ નથી. વળી શરીરનો ક્ષણવિનાશી સ્વભાવ પણ તેની નજર આગળ તરે છે. ઘડીમાં તે સુખ આપનાર મટી જઇને દુઃખ આપનાર થઇ પડે છે એમ ચોકસ ખાત્રી થાય છે. શરીર કાચી માટીના પિંડ તુલ્ય અને અશુચી પદાર્થોની કોથળી રૂપ ભાસે છે ત્યારે પછી તેના ઉપર પણ મોહ રહેતો નથી, એટલે તેને સુખ આપવા માટે અહર્નિશ કરાતો પ્રયત્ન નિરર્થક ભાસે છે. આમ થવાથી સંસાર છોડવો સરલ થઇ પડે છે. શાસ્ત્રકારે બાર ભાવના વારંવાર ભાવવાનું એટલા માટે જ કહેલું છે કે તે ભાવના નિરંતર ભાવવાવડે હ્રદયમાં ઠસી જવાથી સંસાર ઉપર આસક્તિ ભાવ બીલકુલ ઘટી જાય છે, કર્મ વીવર આપે છે અને જ્યારે સદ્‌ગુરૂની જોગવાઇ મળે છે ત્યારે તેને સંસાર છોડીને સાધુ થવું સહેલું થઇ પડે છે. એટલું જ નહીં પણ એક કેદીને કેદખાનામાંથી છુટતાં જેટલો આનંદ થાય તે કરતાં વધારે આનંદ થાય છે. તેમાં જ તેને લહેર આવે છે. તે વખતે તે પ્રાણી અપૂર્વ આનંદને અનુભવે છે.

બંને રાણીઓનો પ્રયત્ન નિષ્ફળ જતાં ને ચંદ્રાવતી દીક્ષા લેવા માટે સાથે તૈયાર થતાં વીરસેન રાજા પછી વિલંબ કરતા નથી. ઉત્તમ જીવો ધર્મ કાર્ય કરવામાં કદી પણ પ્રમાદી હોતા નથી. કારણકે તેને જેવી જગતના પદાર્થોની અસ્થિરતા ભાસેલી હોય છે તેવીજ પ્રણામની પણ અસ્થિરતા હોવાનો ભાસ થયેલો હોય છે. વળી આત્મા કારણ વાસી છે, નિમિત્ત કારણ ફરી જાય તો તેને ફરી જતાં વાર લાગતી નથી એમ જાણતા હોવાથી જ્યારે કોઇ પણ ઉત્તમ કાર્ય કરવા ઇચ્છા થાય ત્યારે તેમાં ક્ષણનો પણ વિલંબ કરવો તે તેને ભારે થઇ પડે છે. ભગવંત પણ જ્યારે જ્યારે કોઇ દીક્ષા લેવા ઉત્સાહ બતાવે છે ત્યારે પ્રતિબંધ કરવાની સ્પષ્ટ ના કહે છે.

એક વાત ચોકસ થવાથી બીજી ફરજ બાકી હતી તે પણ રાજા બજાવી લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાનો પુત્ર ચંદ્રકુમાર જો કે વયમાં હજુ કાંઇ નાનો છે છતાં તેને રાજ્યને યોગ્ય જાણી રાજગાદી પર બેસારે છે. તે વખતે તેને અનેક પ્રકારની શીખામણ આપે છે. એટલું રાસની અંદર મોઘમજ કહેવામાં આવ્યું છે પરંતુ આવા અનુભવી રાજકર્તાની નવા બાળ રાજા પ્રત્યે કહેલી શિખામણ અવશ્ય ધ્યાન આપવા લાયક હોય છે તેથી તે વિસ્તારે કહેવાની જરૂર હતી, પરંતુ કર્તા પોતાને યોગ્ય લાગે ત્યાંજ વિસ્તાર કરે છે. તેને માટે કર્ત્તા પુરૂષ સ્વતંત્ર છે.

રાજગાદીએ બેસારવાનો મહોત્સવ થયો કે તરતજ ચંદ્રકુમારે પોતાના માતપિતાના નિષ્ક્રમણ મહોત્સવની તૈયારી કરી. રાજા રાણીએ દીનજનોને પુષ્કળ દાન દીધું અને મોટા મહોત્સવ સાથે નગર બહાર જઇ ગુરૂમહારાજની સમિપે ચારિત્ર અંગિકાર કર્યું. ગુરૂમહારાજે આપેલી ગ્રહણા ને આસેવના બંનેપ્રકારની શિક્ષાને ગ્રહણ કરી બંનેએ નિરતિચાર ચારિત્ર પાળ્યું અને તેજ ભવમાં ઘાતિ અઘાતિ સર્વ કર્મોને ખપાવી મોક્ષે ગયા. અહીં ગ્રંથકારે બહુજ સંક્ષેપ કરી નાખ્યો છે, જેથી આ પ્રસંગનું રહસ્ય વિસ્તારે લખવું મુશ્કેલ થઇ પડ્યું છે. ચારિત્ર અંગિકાર કરવું જેટલું મુશ્કેલ છે તે કરતાં તેનું નિરતિચાર પ્રતિપાલન કરવું તે અતિ મુશ્કેલ છે. પરંતુ ઉત્તમ જીવો તો પ્રથમ ગુરૂકુળવાસ સેવી પોતાના વિચારોને એવા દૃઢ કરે છે કે યોગ્ય અવસરે ગુરૂની આજ્ઞા પ્રાપ્ત થયે પૃથક્ વિહાર કરે છે ત્યાર પછી ગમે તેવા સંયોગમાં પણ તેઓ કિંચિત્ પણ લેપાતા નથી, કિંતુ ઉજ્વળ વસ્ત્રને ડાઘો ન લાગવા દેવાની સંભાળ જેટલી ગૃહસ્થો રાખે છે તેના કરતાં અનંતગુણી સંભાળ તે ઉજ્વળ આત્માને કર્મ રૂપ ડાઘો ન લાગવા માટે રાખે છે. અશોભનિક વિચારોથી, તેવા વાકયોચ્ચારથી અને તેવા વર્ત્તનથી આત્મા કેટલો મલિન થાય છે? તેના પર અશુભ કર્મ વર્ગણાઓનો કેટલો થર જામે છે? તેની ઉજ્વળ દશા કેટલી ઢંકાઇ જાય છે? તેની ખરી ખબર તો જેને આત્મસ્વરૂપનું ખરેખરૂં ભાન થયેલું હોય તેનેજ પડે છે.સંસારના વ્યવહારમાં કટીબદ્ધ થયેલા અને વિષય, કષાય, નિદ્રા, વિકથારૂપ પ્રમાદમાં ચકચૂર બનેલા જીવોનો આત્મા જ્ઞાનીની દૃષ્ટિએ એટલો બધો મલિન લાગે છે કે તેની ઉપર ઉજ્વળતાનો આભાસ પણ જણાતો નથી. આત્મા અચિંત્ય શક્તિવાળો હોવાથી એવા પ્રસંગમાં પણ તે સર્વથા આવરાઇ જતો નથી, બાકી ઉપલક દૃષ્ટિએ જોતાં તો તેના પર આઠે કર્મના થર એવા સજ્જડ લાગેલા જણાય છે કે તેમાંથી છુટકારો થવા માટે–તે થર ઉખેડી નાખી આત્મ સ્વરૂપને પ્રગટ કરવા માટે વર્ષોના વર્ષો સુધી નહીં પણ અનેક ભવો સુધી પ્રયત્ન કરવો પડે. ઉત્તમ જીવોને આવી સ્થિતિનું પરિજ્ઞાન હોવાથી [illegible] હેલા ચેતે છે અને ધર્મારાધનમાં પ્રમાદ કરતા નથી. તે સાથે આદરેલ ધર્મક્રિયામાં અતિચાર પણ લગાડતા નથી. એવા સાવધ આત્માઓ વીર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેન રાજાને ચંદ્રાવતી રાણીની જેમ સ્વલ્પ કાળમાં સર્વ કર્મોનો ક્ષય કરી ભવના પારને પામે છે. આ દૃષ્ટાંત ખરેખર અનુકરણ કરવા યોગ્ય છે.

આ ચરિત્રના મુખ્ય ચાર પાત્રો હતા. તેમાંથી બે તો અહીં ઘટી જાય છે, ત્યારે એક વધે છે. ચંદ્રકુમારની રાણી ગુણાવળી અંદર દાખલ થાય છે. હવે આપણે તે ત્રણ પાત્રોની કૃતિ આગળના પ્રકરણોમાં જોવાની છે અને તેના પરથી જે સાર ગ્રહણ કરવા યોગ્ય જણાય તે ગ્રહણ કરવાનો છે. તે સાથે જે કૃતિ હેય ( છાંડવા યોગ્ય ) જણાય તે તજવાનું ધ્યાનમાં રાખવાનું છે. હવે વિરમતિ તદ્દન સ્વતંત્ર બને છે તેથી તેનો જાતિ સ્વભાવ અને વિદ્યાથી પ્રાપ્ત થયેલી ઉન્મત્ત દશા હવે પછી ખીલી ઉઠનાર છે. આપણે એ બધું સાવધ થઈને જોવાનું છે. કારણ કે રખે ! આપણને તેનો પાસ ન લાગે તે લક્ષમાં રાખવાનું છે.

અહીં ત્રીજા પ્રકરણનું રહસ્ય પણ સમાપ્ત કરવામાં આવે છે. બુદ્ધિમાન મનુષ્યો આ કરતાં પણ ઘણું રહસ્ય કાઢી શકે તેમ છે. અત્ર યથામતિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. હવે ચોથા પ્રકરણ તરફ દૃષ્ટિ કરવાની પ્રેરણા કરીને વિરમવું યોગ્ય લાગે છે.

# जैन डेफेमेशन केस.

## ગી. શીવજી દેવશીની જુબાની તથા માજીસ્ટ્રેટના ઠરાવની નકલ.

## IN THE COURT OF THE CHIEF PRESIDENCY MAGISTRATE, BOMBAY.

CASE No.179/N OF 1911.

**Shivji Devsi..........................................Complainant.**

V/S.

**1. Maharaj Nem Vijayaji, 2. Vora Amerchand Jusraj. 3. Coovarji Annandji.................................. } Accused.**

**Barristers** **Charge-Defamation. Sec. 500. I. P. C.**

Mr. Velinker, for Complainant.

Mr. Desai, For Respondent No. 1.

Mr. Taleyarkhan, for Respondent No. 2 & 3.

Shivji Devsey on solemn affiirmation says as follows:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



-The telegram lowered me because it came through the ands of persons who were not Jains. Two gentlemen have scribed lac of Rupees towards the Boarding house. If Respondents establish a fact that I am not according to the tenets f the Jain eligion all the institutions I have started will go o nothing. It is worse than Excommunication, they wont read nything written by me and they wont buy my books or hear e speak or preach. The sales of my books will stop. I am nown as an Orator and the Public Preacher. They should ot have sent this telegram. I am a Reformer. I have not een excommunicated. I have been put out of the Sang, not f the caste. When they carried the resolution the first thing did was to go to Botad. I went and made inquiries. I wanted o give my own explanation regarding the same. They ould not give me any information and would not listen to hat I said. I stayed a day and went to Bhavnagar. After oing there I sent about 12 to 13 telegrams to the different eads of different places asking them to wait and listen to my xplanation which I was going to give out very shortly regarding the resolution and the different charges and telling them they ould be held responsible if they did anything before listening o my explanation. First I thought the Maharaj being a Spiitual Head should not attend the Police Courts and I thought e would cool down and be amicable but on the contrary found that three of his Desciples at Ahmedabad published handbill saying these people held these views and should e put out of the Sang and there was a great stir and castoration amongst the Sang and People began to discuss the natter in almost all the places and when I thought these eople would not cool down and listen to what I said I thought he safest plan to come to the Court. I have personally uffered so far as my reputation is concerned and I have uffered phisic[illegible]y on account of the anxiety and thinking ver it day and night and my time has been spent. Had he presence of Respondent 1. been insisted on Respondent. I

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



would have been obliged to walk to Bombay from Ahmedabad. I have nothing to show that Respondents sent any instructions as to the method of publishing the handbills or that they themselves sent the packet of handbills to Bombay. But they passed a resolution agreeing to the printing and sending to Bombay of handbills.

Mr. Desai, and Mr. Taleyorkhan Mr. Velinkar address the Court.

## ORDER.

Notice discharged. In my opinion the mere passing of a resolution that handbills should be printed and sending to Bombay would not render Respondents responsible for the allegd excess of publication in Bombay. The wordings of the telegrams seem to me to be moderate and I do not think the communication of the message teleghraphed to telegraphic operators will cause complainant damage within the meaning of the section. This view I think is supported by Complainant's own conduct for he has waited over a year before filling his complaint. Complainant candidly admits that he only came to the Police Court after he found his opponents would not listen. It is clear in my opinion that this prosecution launched with ulterior motives. Complainant wishes to be re-admitted into the Sang. I do not think it was the intention of the Legislature that the criminal law should be used as means of exerting pressure.

(sd.) A. H. S. Ashton,

*Chief Presidency*

MAGISTRATE—BOMBAY.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ઉમરનું ભાષાંતર ).

# मुंबइ—चीफ प्रेसीडन्सी माजीस्ट्रेटनी कोर्ट.

કેસ નં. ૧૭૯ / N ૧૯૧૧

શીવજી દેવશી. ફરીયાદી.

વિ.

૧ મહારાજ નેમવિજયજી
૨ વોરા. અમરચંદ જસરાજ
૩ શા. કુંવરજી આણંદજી
} પ્રતિવાદી.

ચાર્જ ડીફેમેશન. સેકશન.

[ બારીસ્ટરો. ] ઇ. પી. કો. ૫૦૦

**મી. વેલીન્કર—ફરીયાદી તરફથી.**

**મી. દેશાઇ. નં. ૧ ના પ્રતિવાદી તરફથી.**

**મી. તાલીયારખાન. નં. ૨-૩ ના પ્રતિવાદી તરફથી.**

શીવજી દેવશીએ સોગન ઉપર નીચે પ્રમાણે જુબાની આપીઃ—

તારે મને હલકો પાડયો કારણ કે જે જૈનો નહોતા તેઓના હાથમાંથી તે ો. બોર્ડીંગ હાઉસને માટે બે ગૃહસ્થોએ એક લાખ રૂપીયા આપ્યા છે. જો ાદીઓ એ પ્રમાણે જાહેર કરે કે જૈન ધર્મની આજ્ઞા પ્રમાણે હું વર્તતો નથી જે ખાતાઓ મેં સ્થાપન કર્યાં છે તે બધાં નકામા થઇ જાય. સંઘ બહાર ં તે જ્ઞાતિ બહાર મુકાવા કરતાં વધારે ખરાબ છે. તેઓ મારૂં લખેલું કાંઇ ી નહિ, મારી ચોપડીઓ ખરીદશે નહિ, અને મને બોલતો અથવા ભાષણ તેઓ સાંભળશે નહિ. મારી ચોપડીઓનું વેચાણ બંધ પડશે. હું ભાષણ કર- ને જાહેર ઉપદેશક તરીકે જાણીતો થયેલો છું. તેઓએ આ તાર નહોતો જોઇતો. હું એક સુધારક છું. મને જ્ઞાતિબહાર મુકવામાં આવ્યો નથી. મને બહાર નહિ પણ સંઘબહાર મુકવામાં આવ્યો છે. જ્યારે તેઓ તે ઠરાવ પસાર હતા ત્યારે પહેલું કામ મેં જે કર્યું તે બોટાદ જવાનું હતું. હું બોટાદ ગયો મેં તપાસ કરી. તે બાબત માટે મારો પોતાનો ખુલાસો આપવા મારી ઇચ્છા તેઓએ મને કાંઇ પણ ખબર આપી નહિ અને જે મેં કહ્યું તે સાંભળ્યું નહિ. ોટાદ એક દિવસ ો, અને પછી ભાવનગર ગયો. ઠરાવ અને જુદા જુદા ાતોને અંગે જે ખુલાસો હું ટુંકા વખતમાં બહાર પાડવાનો હતો તે ખુલાસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવા અને ત્યાં સુધી રાહ જોવા માટે ભાવનગર ગયા પછી જુદી જુદી જગ્યાંના જુદા જુદા આગેવાનો ઉપર બાર તેર જગ્યાએ મેં તાર કર્યા. તે તારમાં મેં તેમને જણાવ્યું કે મારો ખુલાસો સાંભળ્યા પહેલા જો તેઓ કાંઈ પણ કરશે તો તે બાબતમાં તેઓ જવાબદાર ગણાશે. પહેલાં મેં વિચાર્યું કે મહારાજ ધાર્મિક બાબતમાં આગેવાન હોવાથી પોલીસ કોર્ટમાં આવે તે ઠીક નહિ અને મેં ધાર્યું કે તે શાંત પડી જશે અને મિત્રભાવથી વર્તશે પણ તેની વિરૂદ્ધ મને માલુમ પડ્યું કે તેના અનુયાયીઓમાંથી ત્રણ ગૃહસ્થોએ ‘ આ લોકો પોતાના આવા વિચાર ધરાવે છે અને તેમને સંઘ બહાર મૂકવા જોઇએ ’ તેવી હકીકતનું એક હેન્ડબીલ અમદાવાદમાં બહાર પાડ્યું અને ત્યાં સંઘમાં ઘણી ગડબડ અને ઉશ્કેરણી થઈ ગઇ અને દરેક જગ્યામાં લોકો તે બાબતની ચર્ચા કરવા લાગ્યા. અને જ્યારે મેં ધાર્યું કે આ લોકો શાંત થશેજ નહિ અને જે હું કહીશ તે સાંભળશે નહિ ત્યારે મેં કોર્ટમાં આવવામાંજ સલામત રસ્તો જોયો. મારી કીર્તિને અંગે મેં જાતે સહન કર્યું છે અને શરીરને અંગે તેની ચિંતા અને દિવસ તથા રાત્રિએ તે બાબતની વિચારણાને લીધે મેં સહન કર્યું છે અને મારો વખત ગાળ્યો છે. જો પહેલા જવાબદારની હાજરીનો આગ્રહ કરવામાં આવે તો તેમને અમદાવાદથી મુંબઇ સુધી ચાલતા આવવાની ફરજ પડે. આ જવાબદારોએ તે હેન્ડબીલો બહાર પાડવામાં કાંઇ પણ સલાહ આપી હતી અથવા તો તેઓએ હેન્ડબીલોનું બંડલ મુંબઈ મોકલાવ્યું હતું તેવું દેખાડવાને મારી પાસે કાંઈ સાધન નથી. પણ તેઓએ હેન્ડબીલો છાપવાનો અને મુંબઈ મોકલવાનો ઠરાવ પસાર કર્યો હતો.

મી. દેશાઈ, મી. તાલ્યારખાન અને મી. વેલીન્કરે ત્યારબાદ કોર્ટ આગળ રજુઆત કરી હતી.

## ઠરાવ.

હું નોટીસો રદ કરૂં છું. હેંડબીલો છપાવવા અને મુંબઇ મોકલવા તે બાબતનો જે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો તેને અંગે મારા મત પ્રમાણે મુંબઇમાં કહેવાતી વધારા પડતી જાહેરાત આપવા માટે પ્રતિવાદીઓ જવાબદાર નથી. તારના શબ્દો મને તદન સાદા જણાય છે, અને તારના ઓપરેટરો મારફત મોકલાયેલા તારના સંદેશાનો વ્યવહાર ફરીયાદીની બદનક્ષી કરી શકે તેવો તે સેકશનના અર્થમાં સમાવેશ થતો નથી. હું માનું છું કે આ વિચારને ફરીયાદીની પોતાનીજ વર્તણુકથી ટેકો મળે છે, કારણ કે ફરીયાદ નોંધાવવા પહેલાં એક વર્ષ સુધી તેણે રાહ જોઈ હતી. ફરીયાદી અંતઃકરણપૂર્વક સ્વીકારે છે કે તેના વિરોધીઓ તેનું સાંભળશે નહિ એમ તેને લાગ્યું ત્યારપછીજ તે પોલીસ કોર્ટમાં આવેલ છે. મારા અભિપ્રાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રમાણે તે ખુલ્લું છે કે આ ફરીયાદ બીજાજ વિચારોથી દાખલ કરવામાં આવી છે. ફરીયાદી સંઘમાં ફરી દાખલ થવા ઇચ્છે છે. ફોજદારી કાયદો કોઇ પણ જાતનું દબાણ કરવાના સાધનભૂત થાય તેવો કાયદાનો અર્થ થતો હોય તેમ મને લાગતું નથી.

( સહી ) એ. એચ. એસ. એસ્ટન
ચીફ પ્રેસીડન્સી માજીસ્ટ્રેટ. મુંબઇ

# त्याग अने दया.

## મંદાક્રાંતા.

વહાલા બંધુ, જગત દીસતું, દુઃખથી તો ભરેલું;
ચારે બાજુ, અવનિતલમાં, સુખ છે ના જડેલું;
વસ્ત્રો વિના, અન જલ વિના, ભોગવે દુઃખ કોઇ:
રાચે શું તું, રમત ગમતે, ભોગ વિલાસ માંહિ. ૧

ખર્ચે છે તું, અઢલક વસુ, ઠાઠ ખાલી મજામાં;
આપે તું ના, જન હિત ધરી, કેમ કાંઇ દયામાં;
વિલાસોને, તજ મન ગણી, સર્વથા કલેશકારી;
દીનો કાજે, ધર દીલ દયા, સર્વદા સુખકારી. ૨

પ્રેમાંકુરો, તવ હૃદયમાં, આજથી હે ખીલાવા;
ભોગો ત્યાગે, ધન કાંઇ બચે, દીનને માંડ દેવા;
જેથી તારૂં, જગત જનનું, હિત તો ખુબ થાશે;
દેવો દેખી, શુભ કરમ આ, તારી વ્હારેજ ધાશે. ૩

' સત્ય વિજય. '

---

૧ ચાલતા વર્ષમાં પડેલ દુષ્કાળને અંગે દરેક શ્રીમંતે ખાસ ધ્યાનમાં રાખવા લાયક આ કવિતા છે.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હાલમાં ચાલતો દુષ્કાળ.

## ( શ્રીમંતોની ફરજ )

હાલમાં કાઠીઆવાડના ઘણા ભાગમાં અને ગુજરાતના ઉત્તર વિભાગમાં તેમજ મારવાડ, મેવાડ અને કચ્છ વિગેરેમાં દુષ્કાળે હાથ લંબાવ્યો છે તેથી ચોતરફથી મનુષ્યોની અને પશુઓની હેરાનગતિના પોકારો આવ્યા કરે છે. હાલ તરતમાં મનુષ્યો કરતાં પશુઓની સ્થિતિ વધારે દયાજનક દૃષ્ટિએ પડે છે. તેનું કારણ દેશી રાજ્યોના બહોળા ભાગે ઘાસચારાનો સંગ્રહ કરવા તરફ દિલ નહીં આપેલું તે છે. સારા વરસમાં ઘાસચારાની એટલી બધી છત હોય છે કે જો તેવે વખતે રાજ્યો તરફથી, શ્રીમંત ગૃહસ્થો તરફથી તેમજ પાંજરાપોળો તરફથી તેનો સંગ્રહ કરવામાં આવે તો દુષ્કાળને વખતે પણ આ વર્ષમાં જણાય છે તેવી મુશ્કેલી જણાય નહીં. હવે પછી પણ આ હકીકત સ્મરણમાં રાખી જો સંગ્રહ કરવામાં આવશે તો દૈવ-કોપથી આગળ ઉપર પણ કદિ આવો દેખાવ પ્રાપ્ત થાય તો તે વખતે મુશ્કેલી ઓછી પડશે.

ચાલતા દુષ્કાળમાં દરેક રાજકર્ત્તા તરફથી પોતાના ખેડુત વર્ગને તેના જનાવર વિગેરેનું રક્ષણ કરવા માટે અનેક પ્રકારની સગવડો કરી આપવામાં આવે છે પરંતુ જનાવરો મોટી સંખ્યામાં રાખીને તેના પર આજીવિકા ચલાવનારો વર્ગ પુરી મુશ્કેલીમાં આવી પડયો છે. તેથી તેઓ પોતાના જનાવરો દૂરના પ્રદેશમાં મોકલવાની કે લઇ જવાની મહેનતમાં પડ્યા છે. અને કોઇ કોઇની સહાય મેળવી તેમ કરે પણ છે પરંતુ દૂર દેશના હવા પાણી આ બાજુના જનાવરોને અનુકૂળ પડવા મુશ્કેલ છે. તે સાથે લાંબી મુદત સુધી ત્યાં તેની સાર સંભાળ કરવી અને નવું વર્ષ સારૂં થયે-વર્ષાદ થયે પાછા અહીં લઈ આવવા તે પણ ઘણી મુશ્કેલી વાળી હકીકત છે. આવે પ્રસંગે રાજકર્તાઓએ તેમજ શ્રીમંત ગૃહસ્થોએ એવા વર્ગને તેમજ હાલમાં ચાલતી દુઃખદાયક પરિસ્થિતિને લઇને પાંજરાપોળોમાં સંખ્યાબંધ જનાવરો આવવા લાગ્યા છે તેથી તેને જ્યાંથી આવી શકે ત્યાંથી સારૂં ઘાસ લાવીને સસ્તા ભાવે પુરૂં પાડવું જોઇએ. આમ કરવાથી જનાવરો દૂર લઇ જવાનો પ્રયત્ન બંધ થશે અને ધણીના હાથમાં રહેલા તેમજ પોતાના દેશના હવાપાણીમાંજ રહી શકનારા જનાવરોનો મોટી સંખ્યામાં બચાવ થશે. જો આવે વખતે શ્રીમંતો પોતાની ફરજ ભુલી જઇ ઉંઘમાં ઉંઘશે તો જનાવરોનાં માલેકો દુઃખી થશે, જનાવરો દુઃખી થશે, મોટી સંખ્યામાં તેનો વિનાશ થશે. દેશની દોલતનો એક ભાગ નાશ પામશે અને શ્રીમંતોને મળેલી લક્ષ્મી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરર્થક ગણાશે. કેટલાક શહેરોમાં આ સંબંધની ચળવળ વધારે થાય છે, અને કેટલેક ઠેકાણે ઓછી થાય છે પરંતુ તેમાં બહોળે ભાગે ભાગ્યશાળી શ્રીમંતોજ ભાગ લે છે. બાકી બીજા લક્ષ્મીના પૂજારીઓ-તેને માતા કે બ્હેન તુલ્ય માનનારાઓ તો તેમાં ભાગ લેતા નથી. રખે પોતાની ઉપર બોજો આવી પડે તેવા ભયથી તેઓ ગભરાય છે. પરંતુ મળેલી લક્ષ્મીને સાર્થક કરવાનો-તેનાથી હદ ઉપરાંત લાભ મેળવવાનો આજ વખત છે. આવા કટોકટીના વખતમાં વાપરેલી લક્ષ્મી કેટલું ફળ આપે તેની હદજ નથી. માટે તેમણે જરા ઉદારતાને આગળ કરવાની જરૂર છે.

ઉપર જણાવેલી ફરજ સાથે મનુષ્યો પ્રત્યેની પોતાની ફરજ પણ શ્રીમંતોએ ભૂલી જવાની નથી. અને રાજકર્ત્તાઓએ પોતાની પ્રજા પ્રત્યેની ફરજ ભૂલી જવાની નથી. પરંતુ એમને દુઃખમાં દિલાસો મળવા માટે જુદી જુદી રીતે તેમને મદદ આપવાની આવશ્યકતા છે. સસ્તા ભાવે અનાજ વેચવાની દુકાનો ખોલીને, અન્નગૃહો ઉઘાડીને, આબરૂદાર પણ નબળી સ્થિતિવાળા થઇ ગયેલા કુટુંબોને ખાનગી મદદ આપીને અને બીજા જે જે પ્રકાર યોગ્ય જણાય તે તે પ્રકારને અમલમાં મૂકીને મળેલી લક્ષ્મીને સાર્થક કરવાની જરૂર છે. કાયમ એક સરખી સ્થિતિ કોઇની રહેતી નથી. આજ આશ્રયની ઇચ્છા કરનારા એક વખત આશ્રય આપનારા હતા, માટે તેની સામું દૃષ્ટિ કરીને પોતાના દ્રવ્યનો સત્વર સદુપયોગ કરવો, કેમકે પોતાનું દ્રવ્ય પણ કાયમ રહેશે એવો વિશ્વાસ કરવા લાયક નથી. તેની સ્થિતિ મજબૂત અને દૃઢ કરવી હોય તો તેનો ખરો ઉપાય તેનો સત્કાર્યમાં વ્યય કરવો તેજ છે. તેમ કરવાથી તે એવી નિશ્ચળ થાય છે કે તેને જવાની ઇચ્છા જ થતી નથી. જે ગૃહસ્થોએ આ સંબંધમાં સારી શરૂઆત કરી બતાવી છે તેઓ ધન્યવાદને પાત્ર છે. બીજાઓએ તેનું અનુકરણ કરવાની જરૂર છે.

---

## સુધારો.

જૈન ધર્મ પ્રકાશના ચાલતા વર્ષના અંક ૬ઠ્ઠામાં પૃષ્ઠ ૧૬૪ની નીચેની બે લાઇનોના ટાઇપો ખસી જવાથી છાપવામાં ભૂલ થયેલી છે. તે નીચે પ્રમાણે વાંચવું.

ભાવાર્થ—સંસારમાં મુગ્ધ લોકોએ માની લીધેલી વિષયતૃપ્તિ સ્વપ્નની જેવી મિથ્યા છે, અને આત્માની સહજ શક્તિને ઉત્તેજિત કરનારી તૃપ્તિ જ સાચી અને સેવવા યોગ્ય છે માટે જ્ઞાનીએ ક્ષણિક તૃપ્તિ તજીને અક્ષય તૃપ્તિ માટે જ યત્ન કરવો.

For Private And Personal Use Only